

ઊર્મિ અને ઉદધિ
ચિત્રભાનુ

# ઊર્મિ અને ઉદધિ



લેખક

પૂ૦ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ

**'ચિત્રભાનુ'**

પ્રકાશક :

દિવ્યજ્ઞાન સંઘ
૧૩૭, નેતાજી સુભાષ રોડ,
મુંબઈ-૧

○

પ્રથમ આવૃત્તિ
નકલ: ૫૦૦૦
મૂલ્ય : બે રૂપિયા

○

વિ૦ સં૦ ૨૦૨૨
શ્રાવણ સુદિ ૨
તા૦ ૧૮-૮-'૬૬

○

મુદ્રક :

જિતેન્દ્ર ઠાકોરલાલ દેસાઈ
'કિશોર પ્રિન્ટરી' ક્રેસન્ટ ચેમ્બર્સ,
ટેમેરીન લેઈન, કોટ, મુંબઈ-૧.

# ❊ પુરોવચન ❊

ઉર એક ઉદધિ છે. એમાં ભરતી ને ઓટ થયા જ કરે છે. ભરતી વખતે ઊછળી ઊછળીને ઉપર આવતી ઊર્મિની છોળો, કેટલીક વખત, કલ્પના પણ ન કરી હોય એવાં ચિન્તનના ઉમદા ને પાણીદાર મોતી લઈ આવે છે, ને કિનારે ઠાલવે છે. કિનારો એથી સમૃદ્ધ બને છે.

આજથી નવ વર્ષ પહેલાં, મારા પૂજ્ય પિતાશ્રી મુનિ ચંદ્રકાન્તસાગરજીની પવિત્ર અને હૂંફાળી છાયામાં વિહાર કરતાં કરતાં, પ્રકૃતિના લાડીલા સંતાનસમા આબુ અને રાણકપુરની યાત્રા કરવાનું સૌભાગ્ય મને સાંપડેલું. મારા જીવનના એ અનુપમ દિવસો હતા. પ્રકૃતિના સાજે ત્યારે, મારા અંતરનાં ઊંડાણમાંથી આવી પડેલાં ગીતો સાથે સુંદર સાથ આપી, એક અપૂર્વ સંવાદિતા સર્જી દીધી હતી.

રાણકપુર જેવી પ્રકૃતિરમ્ય ભૂમિ હોય, સુંદર શિલ્પે મઢયાં એનાં મંદિરોમાં રૂપેરી ઘંટડીઓ બજતી હોય, બાજુમાં જ ખળખળ નિનાદે વહેતું ઝરણું ચિત્તને પ્રફુલ્લિત બનાવી દેતું હોય, અને તેમાં હરિણોનાં ટોળાં નતમસ્તકે અને અધખૂલી આંખે પાણી પીતાં હોય, કાંઠા પરની મીઠી હરિયાળી આંખમાં ઠંડક ભરી દેતી હોય, વૃક્ષની ડાળીઓ પર બેઠેલાં પક્ષીઓ મીઠા સાદે ટહૂકી રહ્યાં હોય—આવું બધું હોય ત્યારે મન પરનું આવરણ એની મેળે જ હટી જાય છે ને હૈયું હસી ઊઠે છે. ત્યારે કાવ્યો લખવાં નથી પડતાં, એની મેળે જ લખાઈ જાય છે.

આવા આ ઉમદા દિવસોની ઉમદા પળોમાં મારા જીવનમાં ઊર્મિઓની ભરતી જ ભરતી હતી. આ ભરતીને સહારે પાણીદાર મોતીઓની કેટલીય સેરો જીવનકિનારે ખેંચાઈ આવી. કિનારાને એણે સમૃદ્ધ બનાવી દીધો.

–પણ મને સાંપડેલી આ અનુપમ સમૃદ્ધિ મારા એકલાથી થોડી જ ભોગવાય છે? એટલે મારા પ્રિયજન એવા તમ સૌને એની લાણી કરતાં હું અપાર આનંદ અનુભવું છું. એનાથી મને બે લાભ છે: એક તો, જે પવિત્ર ભૂમિમાં વિહાર કરતાં આ ઊર્મિઓ જાગી એનું સ્મરણ તાજું થાય છે; બીજું, એ સ્મરણોની યાદે શબ્દોથી વર્ણવી શકાય નહિ એવી જે પરમ ચેતના મારા અંતરમાં જાગે છે એથી હું આનંદવિભોર બની જાઉં છું.

૧૮:૮:’’૬૬ —‘ચિત્રભાનુ’

# કોઈનો સાદ



**આજ** હૃદય આનંદનાં અમીથી છલકાઈ રહ્યું છે. અનંતમાંથી જાણે કોઈનો સાદ આવી રહ્યો છે—ઝીણો છતાં મધુરો, શાન્ત છતાં સ્પષ્ટ. અનુભવી શકાય, માણી શકાય, પણ વર્ણવી કે વ્યકત ન કરી શકાય એવો આ અગમ્ય સાદ છે. આ અવાજમાં સ્નેહીનું સૌહાર્દ છે, પ્રિયાનો પ્રેમ છે, માતાનું વાત્સલ્ય છે, મિત્રની હૂંફ છે અને વિભુની કરુણા છે. આટઆટલા દિવ્ય અને સુંદર ભાવોને વહન કરતો આ સાદ કોનો હશે? સાદ સંભળાય છે, પણ આ સાદ કરનારો દેખાતો કેમ નથી? આ સાદ સાંભળું છું ત્યારે દિવ્ય ભૂમિનાં સ્વપ્નાં આવે છે. જાણે ત્યાં નિત્ય વસંત છે. ષડ્ઋતુનાં પુષ્પોનો પરિમલ છે. પાણીને બદલે પ્રકાશના ફુવારા છે. ભૂમિને બદલે મરકતમણિની ભોંય છે. કેવળ પ્રકાશ જ જ્યાં વિલસી રહ્યો છે. આત્માઓ આપણા સ્થૂળ દેહને બદલે રંગભરી વાદળીમાંથી બનેલા તત્ત્વમાં વિહરી રહ્યા છે. કમળની સુરભિના શ્વાસોચ્છ્વાસ છે. હવામાં પુષ્પો ક્રીડા કરતાં હોય તેમ સમગ્ર ચેતના-સૃષ્ટિ જ્યાં આનંદમગ્ન છે. આહ! આવું બધું આ સાદમાં હું અનુભવું છું. આ સાદ કોનો હશે! આ તે બુદ્ધિનો ભ્રમ છે કે પરબ્રહ્મનો સંસ્પર્શ છે? ખરેખર, વીતરાગ એવા પરબ્રહ્મનો આ સાદ હોય તો આ નિમન્ત્રણ શાને ન સ્વીકારું!



# દિવ્ય પ્રકાશ

**પ્રકાશની** પૂર્ણિમા છે, પ્રભાતનો પ્રથમ પ્રહર છે, સૌ તારા પ્રકાશને વધાવી રહ્યા છે, પણ હું તો તારી પાસે, જે અપરાધ નથી તેની ક્ષમા માગવા આવ્યો છું.

તારા તેજોમય દર્શનથી મારા જીવનના શાંત સાગરમાં ચાંચલ્યભર્યા ઉલ્લાસની એક પ્રકાશમય પળ આવી ગઈ. શું એ મારો અપરાધ છે?

ચંદ્રના કાવ્યમય દર્શનથી સાગરના તરંગો અધીર થઈ ઊછળી પડે તે શું ઉન્માદભરી વિકૃતિ છે?


મારા નાથ! આભ જેટલો તું દૂર હોવા છતાં અહીંથી મારો આત્મા તને—એક તને જ—પામવા ઊછળી રહ્યો છે. આ ભાવના એ વિકૃતિ ન હોઈ શકે, એ તો મારા પ્રાણની પ્રકૃતિ છે.

ઇન્દુ-સિન્ધુના સનાતન ભાવોમાંથી પ્રગટેલો એ અખંડ ઉલ્લાસ છે.

ઉલ્લાસના આ તોફાન પાછળ પણ તારી શાશ્વત સ્મૃતિનું શાંત અને સુમધુર સંગીત જ વહી રહ્યું છે. એ સંગીતનો ધ્વનિ કહે છે: તું દૂર છે, પ્રકાશની પેલી પાર છે; છતાં મારા પારદર્શક હૃદયમાં તો તું અહીં પણ સંક્રાન્ત છે.

હું તારી પાસે જ્યારે આ પ્રાર્થના કરી રહ્યો છું ત્યારે પણ મારા આંતરવૈભવની વિપુલતાનું મને ભાન છે. એટલે જ હું વૈભવ નથી માગતો, માગું છું માત્ર પ્રકાશ!—મારા આંતરિક વૈભવને અજવાળે એવો દિવ્ય પ્રકાશ!

# વિરહ



**ભગવાન!** તારું દર્શન આજ સુધી નહોતું થયું તે પણ ઠીક જ થયું. વહાલા! તારું દર્શન જો મને વહેલું થયું હોત તો આજ સુધી તારા મિલન કાજે જે ઝંખના જાગી તે જાગત? જે પ્યાસથી હું આકુળવ્યાકુળ થઈ ગયો તે આકુળતાનો આનંદ મળત? જે ક્ષુધાથી હું વિવશ બની ગયો તે ક્ષુધાની વેદના જાણવા મળત?

આહ! એ પળ યાદ આવે છે અને કંઈનું કંઈ થઈ જાય છે! તારા મિલન માટે હું કેવો તરફડ્યો છું? કેવી તીવ્ર આતુરતાથી તારી પ્રતીક્ષા મેં કરી છે? કેવાં તપ મેં કર્યાં છે? અને તે વખતે ઊર્મિઓની છોળો ઉછાળતી ભાવનાઓની જે છાલક વાગતી, કલ્પનાઓની જે સરિતાઓ વહેતી, તે તું મળ્યો હોત તો બનત? તું નથી મળ્યો એટલે જ તો આ ભાવોન્માદ જાગ્યો! આટ-આટલા કવિઓની વેદનામય વાણી વાંચી; અને તારાં ન વર્ણવી શકું એવાં રૂપો કલ્પ્યાં, એવા આકારો સર્જ્યાં, અને એવી મૂર્તિઓ સ્વપ્નમાં આણી, કારણ કે મેં તને નહોતો જોયો.

ભ્રમર ત્યાં સુધી જ ગુંજન કરે છે, જ્યાં સુધી એ રસમગ્ન બનતો થી. રસનું દર્શન થયા પછી ભ્રમરનાદ કોઈએ સાંભળ્યો છે? ભ્રમરને મીઠી વેદનાનું દર્શન તો રસદર્શન પૂર્વે જ થાય છે. રસ મળતાં તો એ મૌનમાં મગ્ન બની જાય છે.




# આનંદસમાધિ

**આજ** જ્યારે તને જોઉં છું ત્યારે લાગે છે કે જે ગીતનાં મધુર સ્વપ્નોમાં મેં તને પોઢેલો જોયો હતો, તે તો તું છે જ નહિ! તું તો તેથી સાવ જ ન્યારો છે! હૈયાના ફૂલ! તારું સાચું રૂપ આજ સુધી કોઈએ કેમ નહિ કલ્પ્યું હોય? પણ તને જે પામે છે, સમજે છે, તે પછી શબ્દોની જટિલતામાં શું કરવા પ્રવેશે? જે માનસરોવરમાં વિહર્યો હોય તે ગંધાતા ખાબોચિયામાં કેમ પ્રવેશે? જેણે મત્ત કમળની સુરભિ માણી હોય તે કાંઈ લસણને ઇચ્છે?

તારા મિલનની મત્ત મધુરતા પછી શબ્દોની લીલા કેવી શુષ્ક લાગે! ઓહ! શું તારું દર્શન! શું તારું રૂપ! એને વળી શબ્દોમાં પુરાય? ના રે ના, એમ તે બને! તું મુક્ત છે ને મુક્ત જ રહેશે. વિશ્વનો એવો કોઇ મહાકવિ નથી, જે તને શબ્દોમાં વર્ણવી શકે! એ બહુ તો કહેશે: **नेति नेति**! એ પાછળ જશે, આગળ નહિ, કારણ કે આગળ તો તું બિરાજે છે. તારા પદ્માસન સુધી કવિના શબ્દો કઇ રીતે આવી શકે? અહીં શબ્દ વિરામ પામે છે. દેવ! ચેતનાની તીવ્રતાથી મારી બધી ઇન્દ્રિયો તારું સંવેદન કરી રહી છે. તારા દર્શનથી નયનો આનંદવિભોર છે. તારા શ્રવણથી કાન સમાધિમગ્ન છે. તારા સ્પર્શથી પ્રેમપ્રકાશનો સંયોગ થયો છે. અને આત્મા? આત્મા તો શાંત સુધારસમાં નિમગ્ન જ બની ગયો છે.

# પ્રીતની રીત



**નાથ!** તારી અને મારી વચ્ચે પ્રીતનો જે અખંડ દોર છે, તે કોઈનેય જાણે ગમતો નથી! સૌ એને ખંડિત કરવા કટિબદ્ધ થયા છે. મા કહે છે: 'બેટા, મારાથી અધિક વાત્સલ્ય તેં ક્યાં દીઠું?' પિતા કહે છે: 'મારા લાલ! મારાથી અધિક તારે કોણ?' ભગિની અને ભ્રાતા સ્નેહભીનાં હૈયે ગળે બાઝાયાં છે. સખી તો ચરણોમાં પડી આંસુથી પગનું પ્રક્ષાલન કરતાં કહે છે: 'મારા દેવ! મને મૂકીને ક્યાં જાવ છો? મેં તો તમારા પાવન પગલે મારું જીવન ન્યોછાવર કર્યું છે!' તારા વિના મારું કોણ?' આખું જગત આમ પ્રલોભન ધરી કહે છે: 'તું એને મૂકી આવ. અમે તારો સત્કાર કરીશું, પૂજા કરીશું, તારા ચરણે અમે અમારું સર્વસ્વ ધરીશું.'

જગત આઠેય પ્રહર જુદા જુદા સ્વરૂપે. આવી આવી વાતો કરી મને બોલાવી રહ્યું છે, ફોસલાવી રહ્યું છે. મને તારાથી વેગળો થયેલો જોવા આ વિશ્વ કેટલું ઝંખી રહ્યું છે!

બીજી બાજુ તું માત્ર એક છે; અને તું ય પાછો કેવો પ્રશાન્ત!

બોલાવું તો બોલે ના, હસાવું તો હસે ના, સત્કારું તો આવે ના. આ તે તારી કેવી રીત! મારા મિત્ર! તારે માટે તો આખા જગતને મેં તરછોડ્યું તો ય તું મારી ઉપર એક કરુણ નજર પણ કરે ના?




# એક તણખો

**નાથ!** મારો આત્મા જ્યારે તારા નાદથી મત્ત બન્યો ત્યારે જગત મને ભોજન માટે નિમંત્રવા આવ્યું છે. ભગવાન! જગત આ નથી જાણતું, પણ તું તો જાણે છે કે હું ભોજનના ટુકડાઓનો ભૂખ્યો નહિ, પણ તારા પ્રેમરસનો તરસ્યો છું; અને એ રસના જામ જ્યારે તારી પાસેથી ભરીભરીને મળતા હોય ત્યારે એ રસભર પ્રસંગને હું કેમ તજી શકું?

દેવ! તું મને કહીશ કે હું સ્વાર્થી છું; પણ પ્રભો! આ વિશ્વમાં કોણ સ્વાર્થી નથી? સ્વનો અર્થી જ—આત્માનો અર્થી જ—તારા પ્રેમરસને પાત્ર બની શકે છે. સિંહણનું દૂધ જેમ સુવર્ણપાત્રમાં જ ટકે છે તેમ તારા પ્રેમરસને પણ આ સ્વ-અર્થનું પાત્ર જ ઝીલી શકે છે! આજ તો હું તારા દર્શનથી મત્ત બની રસલહાણ લઈ રહ્યો છું; મારે હવે જગતના નિમંત્રણની શી જરૂર? મને તો જગતનાં નિમંત્રણ કરતાં તારા ઉપાલંભ જ વધારે ગમે છે; જગતની પૂજા કરતાં તારી મધ્યસ્થતા મને વધુ પ્રિય લાગે છે! પ્રભો! મારે રાખની ઢગલી ન ખપે, અગ્નિનો એક તણખો જ બસ છે!

# એ કયું ગીત



**પ્રભાતનાં** દ્વાર ઊઘડે છે ત્યારે ઉષાના વિવિધ રંગો દેખાય છે. વાતાવરણમાં પંખીઓનો કિલકિલાટ અને જીવનનો તરવરાટ દેખાય છે.

કલાકો વીતે છે અને ધીમે ધીમે એ રંગો અદૃશ્ય થાય છે, અને તેને બદલે ત્યાં મધ્યાહ્નની પ્રખરતા અને ધોમ તાપ છવાઈ જાય છે. માણસના ચિત્ત પર શૂન્યતા આવવાની ક્ષણે જ સંધ્યાના નમણા વૈભવની આભા વિસ્તરી જાય છે. જીવન પુનઃ આહ્‌લાદનો એક ઊંડો નિઃશ્વાસ લે છે, આંખો બંધ કરી એ આનંદનું પાન કરે છે; ત્યાં તો અંધકારનો થર વિશ્વ પર ફરી વળે છે. નિસર્ગ અને જીવનનું આ કેવું નિર્માણ છે?

આ દૃશ્યો જોઈ કવિને પણ વિચાર આવે છે: નિસર્ગ શું છે? ઉષાનું આનંદગીત કે તમિસ્રાનું વિષાદગીત?



# પ્રેમપરાગ

**મને** અહીં મોકલતાં પહેલાં તેં કહ્યું હતું: 'માગી લે. પ્રેમ જોઈએ છે કે સૌન્દર્ય? એક મળશે, બે નહિ.'

મેં મારા અંતરના આદેશ પ્રમાણે પ્રેમ માગ્યો.

તેં તે વેળા સ્મિત કર્યું અને હું દ્વિધામાં પડયો: રખે મારી માગણી મૂર્ખાઈભરી ઠરે.


પણ હવે આજ હું મારી જાતને ધન્યવાદથી વધાવું છું, કારણ કે મેં સહજભાવે માગ્યું હતું તેજ સત્ય નીવડયું. અત્યારે મારા દ્વારે સૌન્દર્ય આંટા મારી રહ્યું છે.

હું દ્વાર ખોલવા ઊભો થયો ત્યાં પ્રેમે કહ્યું: 'જરા ધીરો થા. દ્વાર ખોલવાની કંઈજ જરૂર નથી. એ તો મારું બાહ્ય અંગ છે અને તે દ્વારપાળ બનીને ઊભું રહેશે જ.'

ઓહ! હવે સમજાયું. સૌન્દર્ય એ તો પ્રેમપુષ્પનો જ પરાગ છે.

પ્રેમની નજર જ વસ્તુને વિશિષ્ટ અને સૌન્દર્યમય બનાવે છે. ભૂલીશ નહિ: સૌન્દર્ય પ્રેમનો જ દ્વારપાલ છે.

# પ્રકાશને દ્વારે



**વર્ષની** વિદાય વેળાએ પ્રકાશ સામે ઊભો છું, અને વિચાર આવે છે: દિવસો મહિનામાં અને મહિનાઓ વર્ષમાં ફેરવાઈ ગયા. આજે હવે વર્ષ પણ વિદાય લઈ રહ્યું છે. કાળચક્ર કેવું અવિરત ફરી રહ્યું છે! આ મહાકાળની ભયંકરતાને પ્રછન્ન રાખવા નિસર્ગે એના પર ઋતુઓના વિવિધ પ્રકારનાં ફૂલોની અને ફળોની રમણીયતા મૂકી. માનવી આ ઉપરના દેખાવને, ઋતુઓની આ રંગલીલાને જોવામાં એટલો તો તલ્લીન અને મગ્ન થઈ જાય છે કે કાળચક્રની વિકરાળ ગતિને ય એ જોઈ શકતો નથી. પણ માનવી જુએ કે ન જુએ, એ તો જીવનના દિવસો કાપી જ રહ્યું છે.

એક વર્ષ પૂર્ણ થઈ ગયું! હા, ત્રણસો ને સાઠ દિવસ વીતી ગયા! પણ પ્રગતિ શી કરી? સ્થળના વિકાસ સિવાય બીજો શો વિકાસ સાધ્યો? પ્રકાશ સામે મૌનભાવે મીટ માંડી નમ્રભાવે ઊભો છું—એટલા માટે કે કાંઈક ઉત્તર મળે, કાંઈક માર્ગ મળે, કાંઈક નૂતન દૃષ્ટિ મળે. ઊંડાણમાંથી ઉત્તર આવે છે: 'જીવન એ માત્ર સ્વપ્ન નથી, જાગૃતિ છે; એ માત્ર ધમાલ નથી, વ્યવસ્થા છે; એ કલહભર્યો કટુ શબ્દ નથી, લયભર્યું સંગીત છે.' આ જાગૃતિને, આ વ્યવસ્થાને, આ સંગીતને જીવનમાં પ્રગટાવવા જીવનદરબારના દ્વારે આશાભર્યાં નયને ઊભો છું. જોઉં છું: સંવાદમય સંગીતમાં જાગૃતિનું પરોઢ ક્યારે પ્રગટે છે!



# વાત્સલ્યની ભરતી

**આ** ગાય આટલી ઉતાવળી કેમ ચાલી જાય છે? એની આંખમાં આ શાનું તેજ છે? એના તનમાં આ ઉત્સાહ શાનો છે? કેવા આહ્લાદમય ઉત્સાહથી એ ચાલી જાય છે!

હા, એ પોતાના વાછરડાને કંઈક પાવા જઈ રહી છે. એનાં આંચળ દૂધના ભારથી નમેલાં અને પુષ્ટ છે. આ તાજું દૂધ એ પોતાના ભૂખ્યા–તરસ્યા વાછરડાને પાશે. વાત્સલ્ય અને અર્પણનું તેજ એનાં નયનમાં છે, સત્ત્વ-દાનનો ઉત્સાહ એના તનમાં છે.

પ્રભો! આવું તેજ અને આવો ઉત્સાહ મારામાં ન આવે? પ્રાણીમાત્ર પ્રતિ આવો માતૃભાવ તું મારામાં ન જગાડે? હું ય મા બની મારી આ સંચિત જ્ઞાનસુધા જગતને પાઉં એવું ન બને? આ અમીપાન કરાવવા વિશ્વનાં ગામેગામ, શેરીએ શેરીએ અને ઘરેઘર ઉત્સાહ અને ઉલ્લાસભેર ફરી વળું તો કેવું સારું! ગૌમાતાની આ ગતિનાં દર્શનથી ચિત્ત વાત્સલ્યથી ભરાઈ ગયું છે. આજ તો તન અને મનના અણુએ અણુમાં આ વાત્સલ્યની મધુરતા છવાઇ છે.



# સંધ્યાનું હાસ્ય

**શું હસમુખા** માણસો બધા જ સુખી હોય છે? ના, ના. આ વાત સર્વત્ર સત્ય નથી. એવાં હૃદયો પણ અહીં છે, જે હસે છે, ખૂબ હસે છે, કારણ કે એમનાં એકાન્તનાં રુદન હવે ખૂટી ગયાં છે, આંસુઓ સુકાઈ ગયાં છે, વેદના થીજીને પથ્થર બની છે, નિશ્વાસ સ્થંભી ગયા છે. પોતાની વ્યથાને બહાર કાઢવા હવે એમની પાસે હાસ્ય સિવાય કાંઈ જ રહ્યું નથી.

હારીને મરવું હોય તો મૌન અને ગંભીરતા છે; પણ ના, હારવુંય નથી, મરવુંય નથી, જીવવું છે—વિધિની કઠોરતા સામે પૂરેપૂરું જીવવું છે, દુઃખના દાવાનળ વચ્ચે પણ કર્મ ખપાવવા જીવવું છે.

તો હવે એક જ માર્ગ છે: હસવું—એટલું હસવું કે એને જોનાર પણ ચોક્કસ રીતે માની લે કે આ કેટલો સુખી છે! વાહ, કેવો આનંદી છે! કેવું મીઠું હસે છે!

આથમવાની પળે સંધ્યા રંગનો કેવો સિંગાર સજે છે! એના હૈયામાં શોકનો અંધકાર છે, પોતાના પ્રિયજન સૂર્યને ગુમાવ્યાનો ગહન શોક છે, છતાં આખી સૃષ્ટિને એ રંગના કેવા હાસ્યથી ભરી દે છે!

લોકો કહે છે: 'શી સુંદર સંધ્યા ખીલી છે!' પણ કોને ખબર છે કે એના હૃદયમાં શું છે?

એવું જ કંઈક આ હાસ્યના ધ્વનિ પાછળથી મને સંભળાય છે.



# ચિત્તની ચાવી

**એક કલાકથી** હું કબાટની ચાવી શોધી રહ્યો હતો. એકેએક સ્થાન શોધી વળ્યો, પણ ક્યાંય ન મળી. થયું, મકાન મૂકીને ચાવી જાય ક્યાં?

ત્યાં બાપુજી આવ્યા. મેં પૂછયું: "આપે ચાવી જોઈ? સર્વત્ર શોધી વળ્યો, પણ ચાવી જડતી નથી."

એમણે કહ્યું: "આ તારા હાથમાં શું છે?"

કેવું આશ્ચર્ય! ચાવી તો મારા હાથમાં જ હતી; અને હું નાહકનો બધે શોધી રહ્યો હતો!

જીવનમાં પણ આમ જ બને છે. આપણા અંતરના કબાટની ચાવી આપણા હાથમાં જ છે, પણ આ કોલાહલમાં આપણે ભૂલી જઈએ છીએ, અને એની શોધમાં સર્વત્ર ભટકીએ છીએ. આખો જન્મારો આખા જગતમાં ફરવામાં ગાળીએ છીએ. આવા સંયોગોમાં કોઈ પ્રાજ્ઞ પુરુષ આપણને આપણા હૃદયમાં બિરાજતા ચૈતન્ય સામે આંગળી ચીંધી એમ કહે: "અરે, ત્યારે આ તમારી પાસે શું છે?" તો આપણને કેવું લાગે?

# ધ્યેય



**ધ્યેય** એ માનવજીવનનો અર્ક છે. જેની પાસે પોતાના ધ્યેયનું સ્પષ્ટ ચિત્ર છે તે જ જીવનના રહસ્યને સાચા અર્થમાં પામ્યો છે.

પણ, આજે માણસ પાસે એના જીવનનું ધ્યેયચિત્ર સ્પષ્ટ નથી એટલે એને જીવન એક બોજરૂપ લાગે છે. એ જીવે છે પોતાની ઇચ્છાવિરુદ્ધ, પોતાનાં સ્વપ્નોવિરુદ્ધ, પોતાના આત્માના પ્રકાશની વિરુદ્ધ.

જગતના સંયોગોએ એને વાસનાની સાંકળે બાંધી લીધો હોય છે. એના દિલમાં મુક્તિનું ગીત છે ખરું, પણ પગમાં તો પારતંત્ર્યની વજનદાર સાંકળ પડી છે. અને આમ હોય પછી એનામાં ગીત ગાવાનો ઉલ્લાસ ક્યાંથી પ્રગટે? બંધનને કારણે એ દોડી પણ શાનો શકે?

પિંજરામાં પુરાયેલા પંખીની જેમ માનવી ગાય છે અને ખાય છે; પણ ખાય છે તે આ દેહ દ્વારા ધ્યેયને શિખરે પહોંચવા નહિ, પણ ધ્યેયહીન દેહને ટકાવવા માટે; અને ગાય છે તે આત્માના આનંદને ઉલ્લાસથી લલકારવા માટે નહિ, પણ દેહને ટકાવવા માટે જોઈતા ખોરાકને મેળવવા માટે.

એના દિલમાં રહેલી સાચી ભાવનાનું ગીત, એ એક મુક્ત પંખીની જેમ છેડી જ શક્તો નથી.

હા, એ કોઈક વાર ગાય છે, પણ એમાં આત્માના પરાજયનું ક્રન્દન અને વ્યથાના કરુણ સૂરો સિવાય બીજું હોય છે પણ શું?



# પ્રયત્ન

**હા,** જાણ્યું કે વિપત્તિઓથી તમે ઘેરાઈ ગયા છો, પણ હવે શું? શું મૂંઝાઇને એમાં જ પડ્યા રહેશો? મૂંઝાવાથી વિપત્તિ ટળી જશે?

ધારો કે અંધકાર ખૂબ છે, તો તમે શું કરશો? મૂંઝાઈને બેસી રહેશો! એથી અંધકાર ટળી જશે? ના, ઊભા થાઓ, દીપક શોધી કાઢો, પ્રગટાવો; અને પછી જોઈ લો: થોડી જ વારમાં પ્રકાશ! પ્રકાશ!

થોડોક શ્રમ, થોડીક બુદ્ધિ અંધકારને પ્રકાશથી રંગી શકે છે. તો જીવનમાં આવતી વિપત્તિઓ પણ થોડોક આવો હિમ્મતભર્યો શ્રમ માગે છે. હારો નહિ, પ્રયત્ન કરો.

પાણી કેવું નાજુક છે! નાજુક આંખને ય આનંદ આપે છે. આવું નાજુક પાણી પણ પ્રયત્ન કરીને પથ્થરમાંથી માર્ગ કાઢે છે; તો માણસ તો ચેતનવંત છે, જીવંત છે, શું એ વિપત્તિમાંથી માર્ગ નહિ કાઢી શકે?

અભ્યાસ સ્વસ્થતાથી કરવો. ગભરાવું નહિ, તેમ પ્રમાદ પણ ન કરવો. માનવજીવનનું સરવૈયું એના જીવનનાં બેચાર કાર્યોથી નથી નીકળતું; એનું સરવૈયું એના જીવનનો અંત છે; અને તે દીર્ઘ અંતને છેડે આનંદપૂર્વક પહોંચવા માટે સ્વસ્થતાથી પ્રયત્ન કરવો જ રહ્યો.

# શુદ્ધ સાધના



**કેટલાક** માણસો, જીવનભર માત્ર સ્વપ્નો જ સેવતા હોય છે. કોઈ સુંદર બગીચામાં કે કોઈ સરિતાને કિનારે બેસી, આવા યુવાનો, કલ્પનાનાં સામ્રાજ્યો જ રચતા હોય છે; પણ એમનાં સ્વપ્ન એટલેથી સાકાર નથી થતાં.

સ્વપ્ન સિદ્ધ કરવા ઇચ્છનાર, સર્વપ્રથમ, પોતાની શક્તિને વિવેકથી પિછાને છે, પોતાને કયાં જવાનું છે તેનો નિર્ણય કરે છે, પછી નિર્ણીત લક્ષ્યબિંદુ ભણી મક્કમતાથી પગલાં ભરે છે અને ધ્યેયના શિખરે પહોંચે છે.

હું કબૂલ કરું છું કે સ્વપ્ન એ માનવીના મનની સર્જનસૃષ્ટિ છે અને ઇચ્છા એ મનની ઉમદા ભાવનાનું બીજ છે; પણ એકલા બીજથી પાક ઊતરતો નથી. બીજ કયારે ઊગે? ખેડાણ થાય, પાણી મળે તો ને?

પુરુષાર્થની ખેતી કરો, ઇચ્છાનું બીજ રોપો, શ્રદ્ધાનું જળ સીંચો. પછી જોઇ લો: જીવનક્ષેત્ર પાકથી કેવું હર્યુંભર્યું બની જાય છે!

બીજની—સ્વપ્નની સિદ્ધિ સાધનાથી થાય છે, અને સાધના શુદ્ધિ માગે છે.



# પંથ

**જીવનને** અંધકારથી ઢાંકી દેતી નિરાશા તારી આસપાસ છવાઈ ગઈ છે? જીવન કટુ અને ભારરૂપ લાગે છે? પણ એ વાત કદી ન ભૂલીશ કે પતનના પાયામાં પણ ઉત્થાન છે, પરાજયમાંથી જ જયનું બળ પ્રગટે છે, અને આપણી નબળાઈઓ અને ત્રુટિઓ કપરા પ્રસંગ દ્વારા દૂર થાય છે—માણસ ફરીથી ઊભો થઈને હિંમતભેર આગળ વધે છે.

હિંમત ન હારીશ; ધૈર્ય રાખજે. જીવન શું આપવા માગે છે તે આપણે જાણતા નથી. એનો રહસ્યભંડાર કોઈ અદ્ભુત છે. એ કાંઈ ક્ષણિક પ્રકાશનો ચમકાર નથી, પણ અંધકારમાંથી પ્રગટતા સૂર્યની એક યાતનામય યાત્રા છે. તું આ જ માર્ગમાં હાર્યા વિના આગળ વધજે.

જીવન અને જગતને મીઠું બનાવવા માટે તારે વાદળની જેમ કડવા ઘૂંટડા પીવા પડશે, અને વધારામાં તારે વિશ્વને શાન્તિનું અમૃત પાવું પડશે.

# સહાનુભૂતિ



**સહાનુભૂતિ** એ તો દીપક છે. ત્રાસના અંધકારમાં અથડાતા હૃદયનો એ આધાર છે. વાસનાના તિમિરમાં જીવનકેડી ખોઈ બેઠેલા માનવીનો એ પથદર્શક છે. આવા એ દીપની માવજત કરજો. જોતા રહેજો: એની ચીમની કાળી ન થઈ જાય, એના પર મેશના થર બાઝી ન જાય. રોજ એને માંજતા રહેજો કે જેથી કરી એની સ્વચ્છતા દ્વારા એનો પવિત્ર પ્રકાશ સૌને મળે.

પ્રભાત થાય ત્યારે બીજા દીપકો ભલે બુઝાઈ જાય, પણ સહાનુભૂતિનો દીપક કદી ન બુઝાય એની ખેવના રાખજો.

લાખો રૂપિયાનાં દાન કરતાં પણ અંતરના ઊંડાણમાંથી નીકળેલા સહાનુભૂતિના—આશ્વાસનના એ શબ્દો કેટલા મોંઘા છે!

સહાનુભૂતિમાંથી પ્રગટેલ લાગણીઓનો પ્રવાહ, ધનનો પ્રવાહ સુકાઈ જવા છતાં, સુકાવાનો છે ખરો? એ પ્રવાહ તો સતત રીતે વહ્યા જ કરવાનો અને કેટલાંય ઉજ્જડ બનેલાં હૈયાંને નવપલ્લવિત કરતો અનંતમાં ભળી જવાનો. એટલે જ હૈયાના અતળ ઊંડાણમાંથી પ્રગટેલ સહાનુભૂતિનું મૂલ્યાંકન કરવા જગતના ભલભલા ધનપતિઓ પણ સમર્થ નથી.



# વિદાય

**સંધ્યાના** દ્વારને ઊંબરે ઊભેલો સૂર્ય અસ્તાચલ પરથી સૃષ્ટિ પર છેલ્લી નજર નાખવા થંભી ગયો છે. એને હૈયે જાણે વિષાદ છે! ચારચાર પ્રહર સુધી જગત સાથે સહચારનો આનંદ માણ્યા પછી તે વિષાદ વિના સૃષ્ટિને કેમ તજી શકે? આંગળી ઉપરથી કોઈ જીવતો નખ ઉતારતું હોય અને જેવી વેદના થાય એવી તીવ્ર વેદનાથી એનું મુખ રક્તવર્ણું થઈ ગયું છે!

માત્ર ચાર પ્રહરના સૃષ્ટિ સાથેના સંબંધથી જો એને આટલો રાગ છે, એને તજતાં એના મુખ પર આટલો ઘેરો વિષાદ છે; તો મારે તો આ જગત સાથે વર્ષોનો ઘનિષ્ઠ સંબંધ છે; શું હું મારા સંધ્યાકાળે, લેશ માત્ર પણ વિષાદ વિના, આ જગતથી વિખૂટો પડી શકીશ ખરો? શું તે પળે વિષાદનાં વાદળો મારા આત્માના પ્રકાશને ઘેરી નહિ વળે?

શું જ્ઞાનની એટલી મૂડી મારી પાસે છે ખરી, કે મૃત્યુને હું એક ચિરનિદ્રા માનું, મરણને હું એક લાંબા અને શ્રમ ભરેલા પ્રવાસ પછીનો આરામ માનું?

મારા પુરોગામી એવા સૂર્યને વિષાદગ્રસ્ત બની અસ્તાચલ પરથી સરી જતો જોઉં છું ને મારી જીવન-સંધ્યાની શાન્ત પળ મને સાંભરી આવે છે.

# પ્રગતિ




**આ ટોળું** જે ગતિએ આવે છે એ ગતિએ ચાલવામાં તમારી શી વિશિષ્ટતા છે? આ ટોળાથી વધારે ઝડપથી અને વધારે જાગૃતિથી તમારે ચાલવાનું છે.

આ માલગાડી જુઓ. એનું એન્જિન પોતાને લાગેલા ડબાઓને ઉત્સાહપૂર્વક અને ઝડપથી ખેંચતું આગળ ને આગળ વધી રહ્યું છે. ડબાઓ પણ કેવા એની પાછળ–પાછળ ખેંચાઈ રહ્યા છે!

જીવનમાં પણ એમ જ છે. ઘરમાં એક જ પુરુષાર્થી પુરુષ એવો હોય છે જે સૌને દોરતો હોય છે, ખેંચતો હોય છે, સૌને આગળ ધપાવતો હોય છે.

સંસારમાં ડબા જેવા માણસો ઘણાય હોય છે. તેમને આગળ ધકેલો તો આગળ જાય, પાછળ ધક્કો મારો તો પાછળ જાય; તેમને પોતાની કોઇ ગતિ હોતી નથી, તેમ કોઇ સ્પષ્ટ ધ્યેય હોતું નથી. તેમને એક જોરદાર ધક્કાની જ જરૂર હોય છે.

આ ડબાઓ માટે તમે એન્જિન ન બનો?



# વિશ્વનું દર્શન

વ્યક્તિ એ સમાજનું એક અંગ છે, અને સમાજ એ વિશ્વનું અંગ છે. વિશ્વ એ પૂર્ણની જ એક યાત્રા છે.

વ્યક્તિમાં દોષનું દર્શન થાય છે ત્યારે નજર આખા અંગ પર જાય છે; દોષનો પ્રારંભ ક્યાંથી થયો તે શોધવાનું મન થાય છે; અને તેથી જ મારે મન કોઈ કનિષ્ઠ નથી, કોઈ વિશિષ્ટ નથી; સૌ વિશ્વનાં અંગ છે.

કનિષ્ઠતા કે શ્રેષ્ઠતાનો જે રંગ ચઢ્યો છે તે એ પ્રસંગ અને સંયોગ પૂરતો જ છે. આ પ્રકાશ મળતાં આપણી દૃષ્ટિ સહાનુભૂતિ અને કરુણાથી પૂર્ણ બની જાય છે; ને એ પછી જ આપણું અવલોકન તલસ્પર્શી અને જીવનસ્પર્શી બને છે.

સહાનુભૂતિના આ પ્રકાશે આપણે આગળ વધીએ તો જ આપણો પંથ આપણને જડે અને વિશ્વમાં રહેલા માંગલ્યનું દર્શન થાય.

# અવાજ



**માણસ** કોઈ પણ અનુચિત કાર્ય તરફ ઢળે છે ત્યારે એના અંતરનો અવાજ તેનો વિરોધ કરે છે—અંદરથી પોકાર ઉઠાવે છે :

'આ અનુચિત છે!'

છતાં માણસ એને સાંભળ્યા વગર કામ કરે છે તો, તત્પૂરતું એ ચૂપ રહી જાય છે, પણ અવસરે એ વ્યક્ત થયા વિના રહેતો નથી. માણસ જ્યારે કોઈ ગુનાહિત કાર્ય કરતાં પકડાઈ જાય છે ત્યારે એના મોં પર અનુચિતતાનો ભાવ પ્રગટે છે. આ ભાવને આંખમાં અને મુખ ઉપર લાવનાર કોણ? અંતરનો એ અવાજ જ, જે એક વખત રૂંધાઈ ગયો હતો; જેને વૃત્તિઓની ધૃષ્ટતાએ દબાવી દીધો હતો. તે વખતે એનું કંઈ ન ચાલ્યું એટલે એ ચૂપ રહ્યો હતો, પણ હવે એને તક મળી છે અને એ પોતાનું કાર્ય કરે છે.

આપણે ગુનો કરનારનું મુખ જોઈશું તો ખબર પડશે કે એનું મુખ કેવું પડી ગયું છે, એની આંખોમાં કેવો ક્ષોભ છે, એના હૈયામાં કેવો છૂપો અંધકાર છે અને વાણીમાં કેવા અશ્રદ્ધાભર્યા શબ્દો છે.

અંતરનો અવાજ આ રીતે કામ કરે છે!



# શોધો

**મારા મિત્રો!** હું જાણું છું કે ત્યાગના વેશમાં રહેલા કેટલાક ભોગીઓને જોઈ તમારાં હૈયાં ભાંગી ગયાં છે, ત્યાગ પ્રત્યે તમને અનાદર જાગ્યો છે. એક વખત હું પણ તમારા જેવી માનસિક ભૂમિકામાં હતો, પણ ફૂલમાં જ્યારે મેં કીડો જોયો ત્યારથી મારી ભૂમિકા બદલાઈ છે. સારામાં પણ ખરાબ હોય છે; પણ એ થોડા ખરાબને કારણે જે ઘણું સારું છે તે કેમ છોડાય, એમ ત્યારથી સમજાયું.

આ વિશ્વમાં કેવળ સારું નહિ મળે, તેમ માત્ર ખરાબ પણ નહિ મળે. સારામાં ખરાબ અને ખરાબમાં સારું એમ બન્યા જ કરવાનું. અંધારી રાતમાં તારાનો પ્રકાશ અને પ્રકાશની પાછળ તિમિરની પગલી આવે જ.

કાચ પણ હીરા જેવો ચમકે છે એમ કહી હીરાની અવહેલના ન કરો. હજારો કાચમાં છુપાયેલા હીરાને શોધી કાઢો એટલી મારી પ્રાર્થના છે.

# અતૃપ્તિ



**પ્રિય વસ્તુની** પ્રાપ્તિની પળે હસતું મન, એના વિયોગકાળમાં, એ તૃપ્તિની અનુભૂતિ કરવાને બદલે ઝૂરે છે શા માટે? જે અમૃતના દર્શને હૃદય પુલકિત બન્યું છે તે પછી કરમાય છે શાને?

વિચારતાં એમ નથી લાગતું કે સંયમ દ્વારા પ્રાપ્તિના આનંદનો અનુભવ કરવાનું સૂક્ષ્મ કલાવિજ્ઞાન માણસ ભૂલી ગયો છે?

એ સતત ભરવામાં જ સમજે છે, પચાવવામાં નહિ; અને તેથી જ તનની જેમ મનને પણ અપચાનો રોગ લાગ્યો છે. આટઆટલી પ્રાપ્તિ છતાં એ સ્વસ્થ અને મસ્ત નથી; બીમાર અને ઉદાસ છે.

માણસના મનની આ દશા જોઈ કહેવાનું મન થાય છે: વીણાના તારની જેમ મનને પણ વ્યવસ્થિત રીતે બાંધી નહિ રાખો તો એમાંથી શાન્ત મધુર સ્વરલહરી-ભર્યું સંગીત પ્રગટવાને બદલે જીવનને શિથિલ કરતી વિરસતા જ જન્મશે.



# જ્ઞાન અને ગુપ્તિ

**એમણે** પૂછ્યું: "જ્ઞાન એટલે શું?"

મન, વચન અને કાયાની ગુપ્તિ લાવે તે જ્ઞાન.

જ્ઞાનના પ્રકાશથી માણુસ જાણી શકે છે કે મનને ક્યાં મોકલવું અને ક્યાં ન મોકલવું. જરૂર પડે ત્યાં મનનો ઉપયોગ થાય અને અનાવશ્યક લાગે ત્યારે મનને ગોપવી રાખે તે જ્ઞાન.

જ્ઞાનનાં અજવાળાંથી જ સમજાય કે વચનનો વ્યાપાર ક્યાં કરવો. લાભ હોય ત્યાં વિવેકપૂર્વક બોલે અને નુકસાન જણાતાં વચનને ગોપવી રાખે તે જ્ઞાન.

જ્ઞાનના તેજમાં જ કાયાની કરામત સમજાય છે. શ્રેયની સાધના માટે કાયા દ્વારા પ્રવૃત્તિ કરે અને કોઈને પીડા કે અંતરાયરૂપ થવાય છે એમ જણાતાં કાયાને નિવૃત્તિમાં ગોપવી રાખવાની પ્રેરણા આપે તે જ્ઞાન.

મન, વચન અને કાયાની ગુપ્તિનું વિજ્ઞાન તે જ્ઞાન.

# મૃત્યુનું રહસ્ય



ઇચ્છું કે કરુણાની વાત આવે ત્યારે તમારું હૃદય કુસુમ કરતાંય કોમળ અને માખણથીય મૃદુ હોય; પણ મૃત્યુના વિચારે તો તમારું દિલ ખડક—જેવું અડગ, વજ્ર જેવું કઠોર હોય.

મૃત્યુના વિચારને વીરતાથી ભેટો—હા, ભેટો જ. ત્યાં નમવાનું નથી, હારવાનું નથી. એમ કરવાથી કોઈ કંઈ છોડી દેતું નથી. માટે તમારી વીરતા જોઈ મૃત્યુ પણ તમને વંદે એવું ન કરો ?

સાચું પૂછો તો મૃત્યુ કાયાનું છે, આત્માનું નહિ. મૃત્યુને મારી અમરતા માણતા આત્માનું તે વળી મૃત્યુ કેવું ? જ્ઞાનના પ્રકાશમાં તો મૃત્યુ એ મૃત્યુ જ રહેતું નથી.

આત્મજ્ઞાનીને મન મૃત્યુ એ દીપકની આસપાસ રહેલ ચીમનીનું ફૂટવું અને જ્યોતની મુક્તિ છે.



# અભ્યર્થના

**યુગોની** સંધ્યાઓ આથમ્યા પછી આજે ચૈતન્યદેવ સ્વમંદિર પધાર્યા છે. શાન્ત સ્થળ છે. પ્રશાન્ત પળ છે. ચૈતન્ય–મંદિરની પૂજારણ સ્વત્વના સંસ્પર્શે સભર છે. એનું મૌન પ્રવાહિત થઈ રહ્યું છે. પ્રગાઢ મૌનમાં છુપાયેલો ભાવ વાણીમાં વહી રહ્યો છે:

"આવ, આ જીવનમંદિરના અધિષ્ઠાતા! આવ, તારું સ્વાગત કરું છું. જીવનના સર્જનકાળથી તારી પ્રતીક્ષા કરતી આ મંદિરના દ્વારે હું ઊભી છું. આવી કો શાન્ત પળમાં તને જીવનનિધિનું દર્શન કરાવવું એ જ એક માત્ર અભિલાષા છે.


"શાન્ત થા, સ્વચ્છ થા, ભુલાયેલી દુનિયાને ભૂલી જા અને તારા આ આન્તરવૈભવને નીરખ.


"સત્‌ના પાત્રમાં ચમકતાં આ જ્ઞાનનાં રત્નો અને ચિત્તના કુંભમાં ભરેલ આ આનંદની સુધા, કે જે તારાં છે, જેનો તું સ્વામી છે એ ભૂલી ન જા.

“સંધ્યાના રંગ જેવા બાહ્ય રંગોના આકર્ષણે આજ સુધી તને ખૂબ ખેંચ્યો, પણ ભુલાઈ ગયું કે આ રંગોની પાછળ અંધકારની અનંત ઘટાઓ આવી રહી છે. થોડા સમય પછી તો જીવનના પશ્ચિમાકાશમાં અનંત તિમિરની શ્યામલતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હશે; અને ત્યારે આ રંગભરી સૌન્દર્ય-સંધ્યાના અસ્તિત્વનું સ્મૃતિચિહ્ન પણ નહિ હોય.

“એવે સમયે પણ તારો આ આન્તરવૈભવ તેજની પિચકારીઓ મારતો પ્રકાશતો હશે. આ જ એક એવો વૈભવ છે, જે તિમિરને પણ પ્રકાશથી રંગી શકે છે.

“દેવ! સહજ અને પ્રશાન્ત એવી અવસ્થામાં જ અનુભવાતા આ આત્મવૈભવનું તું દર્શન કર એ જ મારી એકમાત્ર અભ્યર્થના છે.”





# રાગની આગ

**ખબર છે** આજ શું થયું? આજ તો તારા નામ ખાતર જગત સાથે જામી પડી; અને એમાંથી જાગ્યું યુદ્ધ. આખુંય વૃન્દ યુદ્ધમાં ઊતર્યું. પણ હું ડરું? મારી શાન્ત વીરતા સૌ જોઈજ રહ્યા— ઝંઝાવાત વચ્ચે જલતી અકંપ અખંડ શાન્તિની દીપશિખાને જોઈ સૌ નમી પડયા.

સાંભળું છું કે તું મોટો છે, પણ અનુભવે તો એટલું જાણું છું કે તું મોટો હોવા છતાં તારા હૈયામાં તું મને સમાવી શકતો નથી; જ્યારે હું તને મારા નાના શા યામાં સમાવી બેઠો છું.

મારા હૈયામાં તું છે એટલે જ તો આ જંગ જામ્યો; અને એ જંગ પણ કેવો? પ્રત્યેક અંગમાંથી લોહી ઝરે એવાં વેણ આવી રહ્યાં. પણ હું શાન્ત હતો—પૂર્ણ

પ્રશાન્ત હતો. શાન્તિથી પરાજય પામેલા એવા સૌ આ શાન્ત વીરતા સમક્ષ ઝૂકી રહ્યા.

વિજયનું સ્મિત ફરક્યું.

પણ રે, આ વિજય તો તારા નામના સુધાપાનનો છે, મધુરતાની મસ્તીનો છે. ભલે. પણ દેવ! ઘા તો મેં ખાધા ને? એ ઘા પર તારો કરુણાભર્યો કરસ્પર્શ થાય તો કેવી શાતા વળે? મારું કર્તવ્ય મેં બજાવ્યું, તારું કર્તવ્ય શું મારે ચીંધવું પડશે? પણ તને શું ચીંધું? તું તો વીતરાગ છે, રાગની આગ તો તેં બૂઝવી નાખી !



# ખંડેરનું દર્દ

હું ખંડેરોમાં ભમી રહ્યો હતો. એમાં કોતરેલી બારીક કોતરણી સૂક્ષ્મ રીતે હું જોઈ રહ્યો હતો. કેવી નાજુક હતી એની કોતરણી! અને કેવું અદ્‌ભુત હતું એનું શિલ્પ! આવું અદ્‌ભુત શિલ્પ જોતાં તો ભાવનાને ચરણે મસ્તક નમી જાય.

પણ એટલામાં પાછળથી એક ઘેરો અવાજ આવ્યો. મેં પાછા ફરી જોયું તો કોઈજ ન મળે. હું આગળ વધ્યો, ત્યાં ફરી અવાજ આવતો સંભળાયો. હું થંભ્યો, કોઈ કાંઈ કહેવા માગતું હતું. કોણ હતું, ક્યાં હતું— કાંઈ ખબર ન પડી; પણ એ ઘેરો અવાજ હજુ પણ આવી જ રહ્યો હતો. પ્રત્યેક યાત્રીને જાણે પોતાના જીવનની દર્દકથા કહેવા ન માગતો હોય એવો એ ઘેરો અવાજ હતો.

એ અવાજ કહેતો હતો :

'હે માનવ, તું જાણે છે, એક દિવસ આ સ્થાન કેવું ભવ્ય અને સુંદર હતું એ!!

'અહીં—આ નમેલા ઝરૂખામાં આશાભરેલા હૈયાવાળી મદમત્ત રાજકન્યાઓ બેસતી અને સ્નેહભરી નજરથી નગરને નિહાળતી. નગરવાસીઓ ત્યારે કહેતા: ઝરૂખામાં શરદ પૂનમનો ચાંદ ખીલ્યો છે!

'અહીં—આ બારીક અને નાજુક શિલ્પવાળા સિંહાસન ઉપર રાજકુમારો બેસતા અને પ્રતાપ તેમજ પરાક્રમથી સૂર્યની સામે પણ છાતી કાઢતા. પૌરજનો એમના પૌરુષને જોઈને કહેતા: 'ગગનનો સૂર્ય તો રાત્રે આથમી જાય છે, પણ આ તો જ્યારે જુઓ ત્યારે પ્રતાપથી પ્રકાશે છે.'

'અહીં, તું ઊભો છે ત્યાં તો' માનવ-ઉત્સવ જામતો. દેશદેશના સોદાગરો આવતા; તેજસ્વી રત્નો, પ્રકાશ-ઝરતા હીરા, પાણીદાર મોતી, અને ચીનાંશુક વસ્ત્રો લાવતા ને અમારા ખોળામાં પાથરતા.


'તે દિવસે અમે અમારી જાતને ધન્ય ધન્ય માનતા અને ગર્વ તેમ જ ગૌરવથી અમે ફૂલ્યા ન સમાતા.

'આજ પણ એ અમે જ છીએ—જ્યાં કાગડા પણ માળા બાંધતાં ગભરાય છે અને શિયાળો પણ અંદર આવતાં ભય પામે છે.

'કાળની વિકરાળ થપાટે અમને ખંડેરમાં ફેરવી નાખ્યાં. અમારા દિવસો હવે આથમી રહ્યા છે. હવે અમને સૌ મહેલ નહિ, પણ ખંડેર કહે છે. અમારી જીવનસંધ્યાનો આ છેલ્લો પ્રકાશ છે. એટલે અમારે તને એક અનુભવવાણી કહેવી છે.

'આ રીતે પથ્થર પર કોતરેલું શિલ્પ નાશ પામે છે, પણ માનવહૃદય પર કોતરેલું સંયમ અને મૈત્રીનું અમર શિલ્પ કદી નાશ પામે ખરું? કાળના અનંત થર પર પણ એ કાર્ય શાશ્વત રહે છે. ભગવાન મહાવીરે માનવ-હૃદય પર કોતરેલું શિલ્પ આજ પણ નૂતન નથી લાગતું?

'તો મારા ભાઈ! તું પણ સ્થૂલિભદ્ર જેવું એવું કાંઈક કોતરજે કે જેને કાળ ન ખાય પણ એ કાળને ખાય!'



# સરિતા

**સરિતા** તો મેં ઘણીય દીઠી છે, પણ આ તો કોઈ અલૌકિક છે! મને તૃષા તો જરાય નહોતી, પણ આ નદીને જોતાં જ તૃષા જાગી, હોઠ સુકાવા લાગ્યા અને જનમજનમની તૃષા જાગી હોય તેમ સરિતા ભણી દોટ મૂકી.

જે જીભ આજ સુધી કહેતી હતી કે મારે કંઈ આસ્વાદ કરવો નથી તે જ જિહ્વા આજે મત્ત બનીને જલપાનની મહેફિલ માણી રહી છે!

રે, રે! મારી આંખને તે આ શું થયું! કંઈ પણ જોવાની ના પાડનારી આ આંખ, આ સરિતાનાં નીર જોઈ આજે કેમ વિહ્વળ બની ગઈ છે! યુગયુગના દર્શનની પ્યાસ જાણે ચિરનિદ્રામાંથી આળસ મરડીને જાગી ઊઠી ન હોય!

ઘ્રાણનું તો કહેવું હતું કે સુરભિ જેવું આ જગતમાં કંઈ રહ્યું જ નથી; એ જ ઘ્રાણને સરિતાના નીરની સુરભિ નંદનવનની કુસુમ-સુરભિથી પણ અદ્ભુત લાગે છે!

કાન કહેતા હતા કે ઘણું સાંભળ્યું, હવે સાંભળવાનું શું બાકી રહ્યું છે? પણ અત્યારે એ જ કાન કેવા સમાધિસ્થ બની ગયા છે! સરિતામાં ઊછળતી એકેએક

તરંગસૂરાવલિને આત્મનાદ સાંભળે તેમ સાંભળી રહ્યા છે!

આ વૃદ્ધ ને અનુભવી કાયાને તે મારે શું કહેવું? પરલોકમાં પ્રયાણ કરવા શય્યા પર શયન કર્યું છે, પણ આ સરિતાના સંગ પછી તો એ કોઇ નવયૌવના યુવતીની છટાથી આ મહાસરિતામાં જલક્રીડા કરવા ઊતરી પડી છે, એના અંગેઅંગમાંથી જાણે આનંદની છોળો ઊછળી રહી છે!

હું માનતો હતો કે મારું મન તો હવે વૃદ્ધ થયું છે. એને કોઈ સ્પૃહા નથી; પણ આજની વાત કહેતાં તો હું લાજી મરું છું. આજ સવારથી હું એને ઢૂંઢું છું, પણ એ ક્યાંય દેખાતું નથી. સરિતાના કયા ભાગમાં નિમગ્ન બન્યું હશે એ!

રે, રે! કોઇ તો બતાવો. આજ તો હું મારું સર્વસ્વ આ સરિતાને કિનારે ખોઈ બેઠો છું: ઇંદ્રિયો અને મન—સૌ આ સરિતાને જોતાં પાગલ બની ગયાં છે!

શૂન્યમનસ્ક એવા મેં પૂછ્યું: 'રે, કોઇ તો બતાવો: આ સરિતાનું નામ શું છે?'

ત્યાં તો ભગવાન મહાવીરનો નાદ સંભળાયો: "આ સરિતાનું નામ છે તૃષ્ણા!"





# પથિક

**આ** આકાશ સામે મીટ માંડીને તું ક્યાં સુધી બેસી રહીશ? આ વિશાળ આકાશના અસંખ્ય તારાઓને ગણવામાં તું સમય વ્યતીત ન કર; કારણ કે તારું દિલ જ આ વિશાળ આકાશ છે, તારાં ઉજ્જવળ કાર્યો જ આ અસંખ્ય તારા રૂપે છે; અને પેલો શરદ પૂર્ણિમાનો રૂપાળો ચંદ્ર તો તારા આત્માનું નિર્મળ પ્રતિબિંબ છે. તારા પવિત્ર જીવનમાં જે છે તે જ આ પ્રકૃતિમાં પ્રતિબિમ્બિત થઈ રહ્યું છે. તું અંતરમાં નજર કરતો નથી એટલે તને બહારની વસ્તુઓમાં જ અદ્‌ભુતતા ને અપૂર્વતા લાગે છે.

મુસાફર! તું જરાય વિલંબ ન કર. તારો પંથ લાંબો છે, મંજિલ દૂર છે, તારે તો હજુ ઘણું ઘણું ચાલવાનુ છે, મોડું કર્યું નહિ પાલવે.


રાત્રિ શાંત છે, મીઠી હવા મંદમંદ વહી રહી છે, નિર્જન માર્ગની બંને બાજુ ઊભેલાં વૃક્ષો નમી નમીને તને આમંત્રી રહ્યાં છે; અને ચાંદનીએ તો માર્ગને ધોઈને

પ્રોજ્જવળ બનાવ્યો છે. અને એથી જ પ્રસન્નતાનું પાથેય લઇને આવા ટાણે જ પ્રવાસે ઊપડી જવું એમાં જ તારું શ્રેય છે. તડકો તપ્યા પછી પ્રવાસે જવામાં આનંદ કરતાં અકળામણ વધારે હોય છે? અને પ્રવાસે ગયા વિના તો તારો છૂટકો જ નથી. તો પછી તાપમાં જવા કરતાં અત્યારે ટાઢા પ્રહરે શા માટે ન ચાલવું? ધોમ ધખતા તાપ કરતાં શીતળ ચાંદનીમાં કેવો આહ્લાદ આવે!

મારા મિત્ર! આકાશ સામેની મીટ હટાવી પંથ પર મીટ માંડ; અને ગગનમાં ઊડવા લાગેલી તારી કલ્પનાને યામાં ગોપવીને ધ્યેય ભણી કદમ ઉઠાવ. પંથ કલ્પનાથી નહિ, ચાલવાથી કપાશે. તો હવે ઊઠ! જ્ઞાનના આભૂષણથી શોભતા ઓ મારા પ્રવાસી મિત્ર! વિલંબ ન કર.

–કારણ કે તું અહીંનો રહેવાસી નથી, પણ પ્રવાસી છે. પોતાનો સમય પૂર્ણ થયા છતાં જે પ્રવાસી અહીંનો રહેવાસી થવા પ્રયત્ન કરે છે તે અંતેવાસી બને છે.





# યૌવનના સારથિ

**યૌવનના** એ સારથિ! તું વિચારી તો જો: તારી પાસે યૌવનનો કેવો મસ્ત સાગર છે! આ સાગરને તળિયે જીવનનાં જે અનંત મોતી ઝળહળી રહ્યાં છે એને શોધવા તું ડૂબકી કાં ન મારે? આમ કિનારે બેસી બગાસાં ખાઇયે અને ચેનચાળા કર્યે મોતી નહિ લાધે. મોતીને પામવા અતળ ઊંડાણમાં ડૂબકી મારવી પડશે, અનંત વારિને વીંધવાં પડશે—તો જ તે અમૂલ્ય મોતી તને લાધશે. અત્યારે તારી પાસે શક્તિ છે, શૌર્ય છે ને સામર્થ્ય પણ છે; શક્તિ ક્ષીણ થતાં તું પ્રયત્ન કરીશ તો યે કાંઈ નહિ પામી શકે. સામર્થ્યહીનનાં સ્વપ્નો કદી ફળતાં જ નથી. તારી પાસે સામર્થ્ય છે એટલે જ તો હું તને વીનવું છું. આ પળ—આવી પળ ફરી નહિ આવે. આજનું યૌવનપુષ્પ કાલે કરમાઇ જશે. આજનું ઊછળતું યૌવન આવતી કાલે સ્વપ્ન બની જશે. માટે મારા યુવાન મિત્ર! આજ—ના,—અત્યારે જ—ઊભો થા! જીવનના કોઈ ઉદાત્ત હેતુ માટેના આ કાર્યમાં અવિરત લાગી જા! વિલાસ એ કાર્ય નથી, પણ વિકૃતિ છે; વૈભવ એ સુખ નથી, વાસના છે. સંયમનું સામર્થ્ય જ ઉન્નતિનું શિખર છે.

જીવન તો સર્વદા કાર્ય માગે છે—એવું કાર્ય કે જેમાંથી સમાજનો ઉદ્ધાર થાય અને અમર બની જવાય.

આવાં કાર્યો માટે, હે યુવાન! તારા કરતાં કોણ વધારે અધિકારી છે? આવાં ઉત્સાહભર્યાં કાર્ય માટે તારાથી વધુ ઉત્સાહ કોની પાસે છે? અને તારાથી વધારે સામર્થ્ય પણ કોની પાસે છે? વૃદ્ધ પાસે અનુભવ છે, પણ ઉત્સાહ નથી; મન છે, પણ મર્દાનગી નથી; ભાવના છે, પણ ભવ્યતા નથી. તારી પાસે તો ઉત્સાહ છે, મર્દાનગી છે તેમ ભવ્યતા પણ છે. ભૂતકાળના જીવન પાસેથી તું અનુભવ લઈ ઉત્સાહી બન, મન લઈ મર્દ બન અને ભાવના લઇ ભવ્ય બન!

આજનો દિવસ, મારા મિત્ર, તારો દિવસ છે. આવતી કાલ એ તારી નથી. 'આજ' જ તારી છે. આવતી કાલનું પ્રભાત કેવું ઊગશે તે તું જાણતો નથી. એ સુવર્ણપ્રભાતને જોવા તું જીવતો હોઇશ કે નહિ એનો વિશ્વાસ નથી. પણ 'આજ' તો તારા હાથમાં જ છે. એ આજનો તું ઉપયોગ કર!

પણ તું તો વિલાસનાં નૃત્ય જોવામાં મગ્ન બન્યો છે, વિલાસ તને વહાલો લાગે છે, પણ જીવનનો મર્મ આ બે ઘડીના વિલાસની ક્ષુદ્રતામાં નથી; જીવનનો મર્મ સંયમના ગૌરવમાં છે. તું ક્ષુદ્ર હાસ્યમાં અને સુંવાળી વાતોમાં તારી ભવ્યતાને ન ગુમાવ! યૌવનના ચાહક! યૌવનને દિપાવ. કવિઓ પણ તારા યૌવનનાં કાવ્યો ગૂંથે એવું તારા યૌવનને ભવ્ય બનાવ!

કેવું તારું સૌભાગ્ય છે! તને એવું યૌવન મળ્યું છે, જેને પામવા વૃદ્ધો પોતાની સઘળી સંપત્તિ અર્પવા તૈયાર છે; પણ તેમને તે ક્યાંથી મળે! એ તો ગયું; હજારો પ્રયત્ને પણ હવે તેમના હાથમાં એ ન આવે. જ્યારે તારા હાથમાં તો એ મોજૂદ છે. તું એને તારા અકાર્યથી નષ્ટ કાં કરે? માટે હે મિત્ર! યૌવનના ફૂલને સંયમ ને શિસ્તથી એવું વિકસાવ કે જેની સુવાસ ને સુંદરતા માનવહૈયામાં અવિસ્મરણીય બની રહે.

# પૂર્ણતા કે શૂન્યતા?



**નમતી** સાંજના આથમતા વાતાવરણમાં સૂરીલા મધુર શબ્દોમાં એ ભાઈ કહી રહ્યા હતા "....મનને શૂન્ય કરો, સતત એ જ વિચાર કરો કે હું શૂન્યમાં જઈ રહ્યો છું. હું શૂન્ય છું. વિચારવિહોણા બનવા માટે વિચારો કે હું શૂન્યમાં જઈ રહ્યો છું...."

પ્રથમ શ્રવણે ગમી જાય એવી આ વાત છે. શૂન્ય થાઓ એટલે અંદર કંઈક ભરી શકાય. પણ ચૈતન્યના જ્ઞાનપ્રકાશમાં આ ચિન્તનપદ્ધતિ કેવી નકારાત્મક લાગે છે? આમાં વિવેક ન રહે તો આ પદ્ધતિ કેવી આત્મ-ઘાતક બની શકે તે વિચારીએ.

આત્મા જે પૂર્ણ છે, જ્ઞાનથી પરિપૂર્ણ છે, આનંદથી સભર છે, શાશ્વત છે, તેમાં શૂન્યતાની વિચારણા લાવવી? જે સત્, ચિત્ ને આનંદમય છે એની અનુભૂતિ કરવાને બદલે શૂન્યતાનો વિચાર કરવો?

સ્વના પ્રકાશમાં સ્વસંવેદન કરવાને બદલે વિચારના વંટોળિયા દ્વારા ઊભા કરેલા ધુમ્મસમાં હું ખાલી છું એવો આભાસ સર્જવો? જીવન જે હકારાત્મક છે તેને શું નકારાત્મક જોવું?

એક પ્યાલામાં થોડું પાણી છે. શૂન્યતાદર્શી કહેશેઃ 'પ્યાલો અર્ધો ખાલી છે;' પૂર્ણતાદર્શી કહેશે : 'પ્યાલો અર્ધો ભરેલો છે.'

શૂન્યતાને જે ખાલી દેખાય છે તે જ વસ્તુ પૂર્ણતાપૂત દૃષ્ટિને ભરેલ જણાય છે. વસ્તુને કેવા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે એના પર બધો આધાર છે, તે પરથી પદાર્થનો પરિચય પૂર્ણ યા અપૂર્ણ થાય છે.

કોઈકે પણ કદાચ આ જ વાત ધ્યાનમાં લઈને કહ્યું હશે: "As a man thinketh in his heart so is he". માણસનાં ચિન્તન, વિચાર ને લાગણીઓ એના કાર્ય અને જીવનને આકાર આપતાં હોય છે; અને અંતે માણસ એવો થઈ જાય છે.

સિંહનું બચ્ચું પણ બકરાંના ટોળામાં વસી વિચારે કે હું બકરું છું; તો કાળે કરી એ સિંહબાળ જેવું સિંહબાળ પોતાના આત્મવીર્યને ગુમાવી બેટા જેવી ચેષ્ટા કરતું થઈ જાય છે—ડરી ડરીને ભાગતું થઈ જાય છે.

માણસ વિચારે કે હું ખાલી છું, શૂન્ય છું, શૂન્ય થાઉં છું; તો વર્ષો જતાં આ વિચારના ધુમ્મસમાં શૂન્ય જેવો મૂઢ તે થઇ જાય તોય નવાઇ નહિ. કારણ કે એના વિચારે જ એને ઘડ્યો છે, એને આકાર આપ્યો છે; એના વિચાર એ જ એનું સર્જન છે.



# તું તને અનુભવ

**શરીરમાં** કોઈને કોઈ વ્યાધિ થયો હોય અને કોઈ કહે: 'આ વ્યાધિ નહિ જોઈએ. આને દૂર કરો, આને ભગાડો....'' પણ એમ ભાષણ કરવાથી વ્યાધિ મટતોય નથી ને ભાગતોય નથી; કારણ કે જ્યાં સુધી એ વ્યાધિનું કારણ શરીરમાં છે ત્યાં સુધી એ નહિ જ જાય. વ્યાધિને દૂર કરવાનો ઉપાય એક જ છે: વ્યાધિનું નિદાન કરી એના કારણને દૂર કરવું.

તેવી જ રીતે ક્રોધ, માન, માયા, લોભ ન જોઈએ; એને દૂર કરો, એનો નાશ કરો....એમ કહેવા માત્રથી એ દૂર ન થાય.

ક્રોધ શા કારણથી થાય છે અને એ કઈ વસ્તુને નુકસાન કરે છે તે જાણવું જોઈએ. માન શાથી ઉત્પન્ન થાય છે અને એ કોને હણે છે તે સમજવું જોઈએ. માયા કેમ જન્મે છે અને એ કઈ વસ્તુને પોતાના રંગે રંગે છે તે વિચારવું જોઈએ. લોભનું કારણ શું અને એ શાનો સર્વનાશ કરે છે તેનું રહસ્ય પામવું જોઈએ.

ક્રોધ પ્રીતિ અને શાંતિનો નાશ કરે છે; માન વિનય અને નમ્રતાનો વિનાશ કરે છે; માયા મૈત્રી

અને સરળતાને મારે છે; લોભ જીવનની સમગ્ર સુખદ શાંતિને લૂંટી લે છે.

પણ આ ચારે ઉત્પન્ન કેમ થાય છે તે વિચારવાનું છે. આ ચારેનો જનક છે મોહ. આ ચાર કષાયો મોહનાં જ સંતાન છે અને મોહ કર્મોમાં રાજા છે.

મોહનીય કર્મના ઉદયકાળે આત્મા સ્વસ્થતાથી સ્વના સ્વરૂપમાં ઠરી શકતો નથી. પોતાનો સ્વભાવ-સ્વસ્થતા ગુમાવી બેસે છે, પરદ્રવ્યમાં પરિભ્રમણ કરે છે.

મદિરાપાનથી મનુષ્ય પાગલ થઈ ગમે તે ચેષ્ટા કરે, ઉન્માદભર્યું જીવન જીવે અને ન કરવાનું કરી બેસે; તેમ મોહની મૂર્છના પણ ચેતનને સ્વભાવમાંથી પર-ભાવમાં લઈ જાય છે. આ પરભાવ એટલે જ ક્રોધ, માન, માયા અને લોભ.

આ રીતે જોતાં જણાશે કે કષાય એ મોહનો જ વિકાર છે. આ વિકારના મૂળ કારણ એવા મોહને સ્વથી ભિન્ન જાણવો એ જ આવશ્યક કર્તવ્ય છે.

સુંવાળા અને સુંદર આકારમાં આવતા મોહની ભયંકરતાનું જ્ઞાન ચેતનને સ્વસ્વરૂપના દર્શનથી જ થાય છે.

આ દર્શન કરાવવા જ આચારાંગ સૂત્રમાં પ્રભુએ કહ્યું : એગં જાણે સો સવ્વં જાણે: તું પહેલાં તને જાણ, તું તારી શુદ્ધ નિર્મળતાને જાણ. પારદર્શક સ્ફટિક પણ જેની આગળ મલિન લાગે એવા હે શુદ્ધ ચેતન! તું તને જાણ. તને તું જાણતાં બીજું જાણવાનું વગર જાણ્યે જણાઈ જશે. સોનું શુદ્ધ રૂપે પ્રગટ થતાં શેષ મલિનતામાં જાણવાપણું પણ શું હોય?



# શાન્તિની ચન્દ્રિકા


**જ્ઞાન** તો વિશ્વમાં હતું જ. એ જેમ માનવમાં હતું તેમ પશુ અને પંખીમાં હતું. એના આધારે જ માણસ અને પશુ પોતાનું જીવન ધારણ અને પોષણ કરતાં આવ્યાં છે.


આહાર, નિદ્રા, ભય, મૈથુન અને સંગ્રહની વ્યવસ્થા પણ એ જ્ઞાનના આધારે જ કરાય છે; પણ માણસ પાસે સમ્યક્ જ્ઞાન ન હતું—દિવ્ય જ્ઞાન ન હતું, જે માનવને ઉપર ઉઠાવે. પ્રકૃતિનાં પ્રાકૃત તત્ત્વોનું પ્રમાર્જન કરી એને ઊર્ધ્વગામી કરે એવા દિવ્ય જ્ઞાન વિના માનવ લગભગ પશુની સમાન ભૂમિકા પર જીવી રહ્યો હતો. ત્યાં, રાત પછી સૂર્ય આવે તેમ, પ્રભુ મહાવીર આવ્યા; અને એમણે એ જ્ઞાન પર દિવ્યતાનો પ્રકાશ પાથર્યો. પાણીમાં સાકર અને લીંબુનો રસ મળતાં એ શરબત બની તૃષા છિપાવે તેમ, આ જ્ઞાનમાં દિવ્યતા મળતાં એ દિવ્ય જ્ઞાન બની ગયું. એણે માનવઆત્માને જગાડ્યો. એ દિવ્ય જ્ઞાનના અંજનથી માનવ પોતાને અને પરને

જોતો થયો. એને પોતાના ધ્યેયનું સ્મરણ થયું અને એ તરફ એ આગળ વધવા લાગ્યો. મુક્તિની એ વણઝાર વર્ષો સુધી ચાલતી રહી. કાળબળે વચ્ચે વચ્ચે અંતરાયો આવ્યા, જડતાનું જોર વધ્યું, મિથ્યાત્વનો પ્રચાર વધ્યો અને પ્રલોભનોએ માનવને પાછો ભુલાવામાં નાખી દીધો. આજે માનવ ભૂલો પડ્યો છે. એ કંઈ સાંભળવા તૈયાર નથી. દિવ્ય જ્ઞાનને અવગણી સંપત્તિ અને સત્તાની પાછળ એ દોડી રહ્યો છે !

આ પંથભૂલેલા માનવને આ દિવ્ય જ્ઞાન નહિ મળે અને એ દોડે છે એ જ રીતે દોડશે તો સંસારમાં આજે પણ જે થોડી શાંતિ દેખાય છે તે વિલીન થશે અને માનવ માનવનો શત્રુ બની ઊભો રહેશે. આવા માનવને ફરી એ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ મળે તો કેવું સારું !

ચાલો, આપણે એ દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા નમ્ર પ્રયત્ન કરીએ, જેથી યુદ્ધ અને કલહનાં વાદળો નીચે ઘેરાયેલી માનવજાતને શાંતિની ચન્દ્રિકા મળે !





# પૂર્ણતાની ઝંખના

ગતિ અને પ્રગતિમાં ફેર છે : ગતિ વર્તુળમાં હોય છે, પ્રગતિ ચોક્કસ દિશા તરફ હોય છે.

ઘાણીનો બળદ ગતિ કરે છે, માત્ર એ વર્તુળમાં જ ફરે છે ક્યાંય પહોંચે નહિ—પ્રગતિ ન કરે; જ્યારે પ્રગતિ કોઈ નિશ્ચિત દિશા પ્રતિનું પ્રયાણ સૂચવે છે. એ પ્રયાણમાં કોઇક લક્ષ્યબિન્દુનું સ્વપ્ન હોય છે.

ચૈતન્યમાં આ પ્રગતિ છે, વિકાસ છે; અને તેથી જ ગઇકાલનું વૃક્ષબીજ આજે માનવ બન્યો છે અને આજનો માનવ આવતી કાલે પરમાત્મા બનવાનો છે.

વૃક્ષબીજમાં ચૈતન્ય છે એવું જ માનવમાં પણ ચૈતન્ય જ છે; અને પૂર્ણ પરમાત્મા પણ એ જ ચૈતન્ય છે. પહેલું અણવિકસિત છે, બીજું અર્ધવિકસિત છે, ત્રીજું પૂર્ણવિકસિત છે. આ ત્રણે ભૂમિકામાં મૂળે તો ચૈતન્ય જ છે.

પણ આ અણવિકસિત ચેતના પૂર્ણવિકસિત કેમ બને છે એ પ્રશ્ન છે.

કારણ કે ચૈતન્યના મૂળમાં પૂર્ણતાની ઝંખના પોઢી છે. આ ઝંખના જીવનને સતત વિકાસ તરફ દોરે છે. આ જ ઝંખના માણસને—જીવમાત્રને—આગળ વધવા વેગ આપે છે.

અલબત્ત, ભૌતિક વસ્તુઓ એને ક્ષણભર ગમે છે, પણ એથી એને સંતોષ તો નથી જ. બીજાને ભલે એમ લાગતું હોય કે આ માણસ પોતામાં અને પોતાને મળેલાં સાધનોમાં તૃપ્ત છે, મગ્ન છે; પણ ના એમ નથી, એનું હૃદય તો અતૃપ્ત જ છે. જે છે એનાથી એને કંઈક શ્રેષ્ઠ જોઈએ છે. ધન, વૈભવ, રૂપ, બળ, ઐશ્વર્ય ગમે તે આપો; એ એથી સુખી નથી, શાન્ત નથી, તૃપ્ત નથી. એ કહેશે: આથી કંઈક શ્રેષ્ઠ જોઈએ છે!


આ શ્રેષ્ઠ એટલે શું? એનું નામ એ જાણતો નથી, કારણ કે એ અનામી છે. એનો આકાર પણ એ જાણતો નથી, કારણ કે એ આકારહીન–અરૂપી છે.

બોલતાં નથી આવડતું એવું બાળક ભૂખ લાગતાં રડયા કરે છે. એને કાંઈક જોઈએ છે, પણ શું જોઈએ છે એ એ કહી શકતું નથી. આજે ચૈતન્ય પણ એ જ અવસ્થા ભોગવે છે. એને જે જોઈએ છે તેની નિશાની તે આપી શકતું નથી, કારણ કે તે અગમ છે—અગોચર છે.

પ્રત્યેક ભવ્ય આત્માની જીવનયાત્રા આ પૂર્ણતા તરફનું પ્રયાણ છે. એ પૂર્ણ છે અને વધારે પૂર્ણતાને પામવા ઝંખે છે.

પ્રત્યેક જળબિન્દુ સપ્રમાણ પૂર્ણ છે. એવાં અનન્ત પૂર્ણ જળબિન્દુઓ સરિતામાં છે. સરિતા એટલે અનન્ત પૂર્ણતાનો સ્રોત. આ સરિતાને પણ પૂર્ણતાની એક સ્વપ્નઝંખના છે; અને તે સાગર.

પ્રત્યેક ચેતનમાં આ પૂર્ણતા છે. પૂર્ણતાની આ ઝંખનાએ એને વૃક્ષબીજમાંથી માનવની ભૂમિકાએ પહોંચાડ્યો છે. અને આ જ ઝંખના માનવમાં રહેલ ચેતનાને હવે પૂર્ણપરમાત્માની પરમ ભૂમિકાએ પહોંચાડશે.



# દીવાદાંડીનાં અજવાળાં

**જીવન** એક મહાસાગર છે. આ મહાસાગરમાં જેમ મૂલ્યવાન રત્નો તથા પાણીદાર મોતી રહેલાં છે તેમ ભયંકર જળચરો અને મોટા ખડકો પણ છે. આવા અપાર સાગરમાં મુસાફરી કરતા મુસાફરને દીવાદાંડીનાં અજવાળાં વિના કેમ ચાલે? એ વિના તો એની જીવનનૈયા કોઈ ખડક સાથે અથડાઈ પડે, અને નૌકાના ચૂરેચૂરા થઇ જાય.

દીવાદાંડી અજવાળાં પાથરી ભયસ્થાન સૂચવે છે. માણસ આગળ વધી રહ્યો છે. એનો ઉત્સાહ અને વેગ અપૂર્વ છે. આજ એ ચાલતો નથી, દોડી રહ્યો છે; ન વર્ણવી શકાય એવી પ્રવૃત્તિઓમાં એ રોકાયો છે. એની પાસે સમય નથી એટલે એણે ગતિ વધારી છે. એને ઉતાવળ છે!

પણ પ્રશ્ન થાય છે: એ ક્યાં જવા માગે છે? એનું ધ્યેય શું છે? એના છેલ્લા મુકામની મંજિલ કઈ છે?

વેગ એટલો છે કે ધ્યેયનો વિચાર કરવા અવકાશ નથી; પણ ચિન્તકોને એથી ચિન્તા થાય છે: એ ક્યાંય

અથડાઈ ન પડે—નિયંત્રણ વિનાનો વેગ માણસાઈના અનસ્તિત્વનું કારણ ન બને!

પદાર્થવિજ્ઞાનનો એક નિયમ છે: જેટલા વેગથી આઘાત થાય એટલા જ તીવ્ર વેગથી એનો પ્રત્યાઘાત થાય.

આ વેગ માણસમાં આવેગ ને આવેશ લાવી એના અસ્તિત્વને ન ભુલાવી દે, ન ભૂંસાવી દે એ જોવું રહ્યું; અને એથી જ માનવીના મનને કંઈક ઉચ્ચતમ એવું મળતું રહે એ માટે ચિન્તકો પોતાના ચિન્તનમાંથી તારવેલા નવનીતને જગત સમક્ષ ધરતા રહે છે.

વેગ, આવેશ ને આવેગથી દોડતા માણસને આ ચિન્તનનું નવનીત ક્ષણભર વિચાર કરવા તથા સાવધાનીથી આગળ ડગ ભરવા પ્રેરણા આપે છે.

દીવાદાંડીનાં આ અજવાળાં છે.





# નિમંત્રણ

**તારા** જીવન-સરોવરમાં પાણી છે કે નહિ તે તું પહેલાં જોઈ લે; માછલાઓનો વિચાર તું શા માટે કરે છે? સરોવરમાં પાણી હશે તો માછલાં આવ્યાં વિના રહેશે ખરાં?

તારા જીવન-પુષ્પમાં સુગન્ધ મહેકે છે કે નહિ તે તું જરા જોઈ લે; મધુકરોને તું શા માટે બોલાવે છે? તારા જીવન-પુષ્પમાં પરિમલ હશે તો મધુકરો આકર્ષાયા વિના રહેશે ખરા?

તારા જીવન-તરુવર પર મીઠાં ફળો ઝૂલે છે કે નહિ તે તું મને કહે; મીઠાં ફળો ઝૂલતાં હશે તો પંખીઓ આવ્યાં વિના રહેશે ખરાં?

તારા જીવન-ઉપવનમાં વૃક્ષો ઊગ્યાં છે કે નહિ એ તું તપાસી જો; પથિકોની પ્રતીક્ષા તું શા માટે કરે છે? વૃક્ષોની શીળી છાયા હશે તો પથિકો વિસામો લેવા માટે આવ્યા વગર રહેશે ખરા?

તારા જીવનની આમ્રઘટામાં કોયલ ટહુકે છે કે નહિ એ તું જરા સાંભળી લે; સંગીતરસિકોને તું

શા માટે નિમંત્રે છે? કોયલનો પંચમ સૂર વાતાવરણને સંગીતથી ભરશે ત્યારે સાંભળનારની ખોટ દેખાશે ખરી?

તારા જીવન-આકાશમાં ચંદ્રોદય થયો છે કે નહિ તે તું જરા નિહાળી જો; સાગરને તું શા માટે વીનવે છે? ચંદ્રનો ઉદય થશે ત્યારે સાગર ભરતીની છોળો ઉછાળ્યા વિના રહેશે ખરો?

તારા જીવન-ગગનમાં મેઘ ગર્જે છે કે નહિ તે તું વિચારી જો; મોરલાઓને પ્રાર્થના તું શા માટે કરે છે? મંજુલ મેઘધ્વનિ ગુંજશે ત્યારે મોરલા નાચ્યા વિના રહેશે ખરા?

તારા જીવન-દીપકમાં પ્રકાશ છે કે નહિ તે તું પહેલાં નીરખી લે; પતંગિયાઓને તું ઈશારા શા માટે કરે છે? પ્રકાશ હશે તો પતંગિયા ઝંપલાવ્યા વિના રહેશે ખરાં?

તારા જીવન-મંદિરમાં સાચા દેવ બિરાજે છે કે નહિ તે તું પહેલાં ખાતરી કરી લે; ભક્તોને તું શા માટે નિમંત્રે છે? દેવ જો સાચા હશે તો પ્રાર્થના ટાણે ભક્તો ઊભરાયા વિના રહેશે ખરા?



# પૂર્ણ કલા

**પરમાત્મા** પૂર્ણ કલા યોગીરાજ આનંદઘનનું આ કથન ખૂબ ગહન ભાવોથી ભરેલું છે: કલા એ આત્માનું અવિભાજ્ય અંગ છે: કલા પ્રમોદજનક નથી, પણ પ્રમોદમય છે! કલા એ વાસ્તવિક દૃષ્ટિએ કારણ નથી, પણ કાર્ય છે. છતાં, એ કારણ નથી જ એમ પણ ન કહેવાય; કારણ કે કલાની સંસિદ્ધિ બે પ્રકારે થાય છે: એક સ્થૂલ રૂપમાં ને બીજી સૂક્ષ્મ રૂપમાં; અથવા એક કારણરૂપમાં ને બીજી કાર્યરૂપમાં!


સ્થૂલ કલા પૂર્ણિમા જેવી છે. એ પ્રત્યેક પ્રાણીને—માનવને આહ્લાદ, સ્ફૂર્તિ, તેજસ્વિતા, કલ્પનાશક્તિ ને રસાનુભવની આછી લહાણ પીરસે છે, કારણ કે પૂર્ણિમા પણ બીજના ચંદ્રની પૂર્ણ બનેલી અભિવ્યક્ત કલા જ છે ને! અલબત્ત, એ સ્થૂલ છે, છતાં એ સુષુપ્ત હૈયાને જાગરૂક કરી શકે છે, જાગરૂક હૈયાને ઊર્મિલ બનાવે છે અને ઊર્મિલ હૈયાને મંથનનાં દ્વાર સુધી લઈ જઈ શકે છે. અહીં સ્થૂલ કલાની મર્યાદા આવી જાય છે.

હવે સૂક્ષ્મ કલાનો પ્રારંભ થાય છે. મંથનની ભૂમિકામાં અટકેલી કલા અહીં પોતાનું સ્થૂલ સ્વરૂપ મૂકી, સર્જન દ્વારા પોતાની સૂક્ષ્મતા પ્રદર્શિત કરે છે;

વિચાર-ભૂમિકા ત્યજી કાર્ય-ભૂમિકામાં આવે છે; સાધન મટી સાધ્યનું રૂપ પકડે છે. કલાની સૂક્ષ્મતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સર્જન વધુ તીવ્ર ને તીક્ષ્ણ બને છે. માનવીની ભાવના હવે મર્યાદા મૂકે છે—પ્રવાહ મટી પિંડ બને છે. માનવીની રસિકતા જગતના વિલાસી પદાર્થોથી ઘટી, વાસ્તવિક દર્શનની શુદ્ધિ પ્રત્યે વધતી જાય છે. એનું દર્શન પ્રકૃતિની નક્કરતા ભણી વળે છે. વિશ્વના વૈવિધ્યમાં એક એવં અખંડ રીતે વિલસતા સમન્વયને અનુભવે છે. બાહ્ય સૌન્દર્ય કરતાં અભ્યંતર સૌન્દર્યનો વિપુલ વૈભવ એ નિહાળે છે. અને આંતરિક સૌન્દર્યનો માત્ર એક અંશ જ આ બાહ્ય સૌન્દર્યમાં છે એવી સત્ય પ્રતીતિ એને પ્રકૃતિ-મૂર્તિના દર્શનથી થાય છે.

આ રીતે આ પૂર્ણ કલાના કલાધરને અનેકમાં વિશ્વૈક્યનો સાક્ષાત્કાર થાય છે. વિસંવાદમાં સંવાદ કેળવવાની મહાન સિદ્ધિ એને પ્રાપ્ત થાય છે. નિજાનંદમાં સચ્ચિદાનંદની એને ઝાંખી થાય છે. આ ઝાંખી અલ્પ કાલ પછી નૈસર્ગિક પ્રકાશમાં ફેરવાઈ જતાં, કૈવલ્યજ્યોતનો આવિષ્કાર થાય છે. નિરતિશય અખૂટ અનંત આનંદનો પ્રાદુર્ભાવ છે. આનું જ નામ પૂર્ણકલા!

આ કલા અગમ્યને ગમ્ય, અબુદ્ધને બુદ્ધ, અવ્યક્તને વ્યક્ત તથા અપૂર્ણને પૂર્ણ બનાવે છે. આ કલા જ શાશ્વત સુખની અનુભૂતિ કરાવે છે. આ કલાનો કલાધર સુખ તથા દુઃખને જલકમલની સ્વસ્થતાથી સંવેદતો હોય છે. માટે જ હું એને ઝંખું છું. આ પૂર્ણકલા એ મારા જીવનની સહચારિણી છે!



# જીવન ક્ષુધા

**શરીરને** ભૂખ લાગે તો માણસ ભોજન કરે, મનને ભૂખ લાગે તો આનંદ-પ્રમોદનાં સાધનો ભેગાં કરે; પણ ચેતનાને ભૂખ લાગે તો માણસ પાસે શું છે? જાણે એ માટે માણસ પાસે કંઈ નથી-કંઈ જ નથી.

આજ માણસની ચેતના ભૂખી ને તરસી છે. એ તરફડી રહી છે. એને ચેન નથી એટલે એ પણ માણસને ચેન પડવા દેતી નથી.

માણસ વ્યાકુળ બની અહીં દોડે છે, તહીં દોડે છે; આ લાવે છે, તે લાવે છે; આ જુએ છે, તે જુએ છે; આ ખાય છે, તે ખાય છે; આને મળે છે, તેને મળે છે. આ બધું કરે છે છતાં, એને ચેન નથી. કારણ કે માણસની અંદર રહેલ ચેતના સ્વસ્થ ને શાંત નથી. આ ચેતનાને એનો ખોરાક મળે તો જ એ શાંત ને સ્વસ્થ થાય તથા તૃપ્તિની મધુર ક્ષણો અનુભવી શકે.

ચેતનાની ભૂખ છે દિવ્ય જ્ઞાન. કારણ, જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે.

ખાણના ખડબચડા હીરામાં જેમ તેજ છે તેમ આત્મામાં જ્ઞાન છે.

આ જ્ઞાન પ્રાગટ્ય માગે છે. એ પ્રગટે તો હીરો ઝળહળી ઊઠે તેમ, અંદરનું દિવ્ય જ્ઞાન પ્રગટતાં જીવન-ચેતના પણ ઝળહળી ઊઠે.

ખાણના એ પથ્થરને કુશળ કારીગરના કાળજીભર્યા હાથની જરૂર છે. એ હાથ એ પથ્થરને ઘસીને પાસા પાડે અને એ તેજભર્યા હીરામાં ફેરવાઈ જાય તેમ, આ ચેતનાને પણ પ્રભુના કરુણામય હાથની જરૂર છે. એના દિવ્યતાભર્યા સ્પર્શે ચેતનામાં રહેલ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય ને મધ્યસ્થ જેવા દિવ્ય ભાવનાં કિરણો પ્રગટી જાય તો આ સામાન્ય લાગતું માનવ જીવન અસામાન્યતામાં ફેરવાઈ જાય.





# મહામૃત્યુ


**માણસ** આજે ભોગ તરફ દોડી રહ્યો છે. પણ એ ગમે તેટલા ભોગ ભોગવે તો ય એને શાંતિ કે તૃપ્તિ મળે છે ખરી? માણસનું મન તો સદાય અતૃપ્ત જ રહેવાનું. આ ભોગોને પામવા પણ જીવનનો તો ભોગ જ આપવો પડે છે.

આ જીવનનો, પુણ્યનો, કાયાનો, આત્માનો ભોગ આપવા છતાં મેળવેલા ભોગો સદાય ટકી રહેશે એમ કોણ કહી શકે? એને પામીએ ત્યારથી જ, રખે એનો વિયોગ ન થાય એની ચિંતા ઊભી થાય છે. આ ચિંતા ખોટી પણ નથી.

ભોગમાં રોગનો ને સંયોગમાં વિયોગનો ભય છે જ. તે ક્યારે આવશે તે માણસ જાણતો નથી; પણ તે આવશે, જરૂર આવશે જ, એ તો સૌનાં હૃદય જાણતાં હોય છે.

ભોગની પ્રાપ્તિ ટાણે પણ માણસના હૈયામાં રોગની જે શંકા ઉદ્‌ભવે છે તે ખોટી નથી. એની પાછળ આત્માના અનુભવનો પ્રકાશ છે. એણે અનેક ભોગીઓને અંતિમ વેળાએ રોગમાં ટળવળતા ને વિયોગમાં ઝૂરતા જોયા છે; અને એ દૃશ્યનું કદી ન ભુલાય તેવું પ્રતિબિંબ આ હૃદય પર પડયું હોય છે તેથી જ, માણસનું હૃદય ભોગના ઉપભોગ વખતે પણ કંપે છે. આ કંપ સૂક્ષ્મ હોય એટલે એને માણસ 'નિર્બળ મનની શંકા' કહી ભૂલી જાય છે, પણ ખરી રીતે તો એ કંપ આત્માનો સાક્ષાત્કાર છે.

આ અનુભવનો ઉપયોગ કરે, તો એ જરૂર ભોગના ઉપયોગની વેળાએ વિવેક રાખી શકે, એ ભોગમાં રહેલી અતૃપ્તિ જોઈ શકે, ભોગમાં રહેલા રોગો સાવધ થઈ નિહાળી શકે તેમ જ ભોગના પાપથી પણ બચી શકે. પણ ભોગની વીજળી ચમકે છે ત્યારે માણસ અંજાઈ જાય છે, ગાફેલ બને છે, એનાં ચક્ષુઓ મીંચાઈ જાય છે અને એ અંધકારમાં ડૂબી જાય છે. આવા પ્રસંગે જે કોઈ, ક્ષણ માટે પણ, સદ્‌વિચારના દ્વારે થંભી જાય છે એના માટે ભય નથી. આંખમાં ચમકેલી વીજળી અદૃશ્ય થતાં માણસને મૂળ સ્થિતિએ આવતાં વાર લાગતી નથી. એ અનુભવચક્ષુઓ ખૂલે તો તરત સમજાઈ જાય કે ભોગની પાછળ પાછળ વિયોગ છે, વિયોગની પાછળ રોગ છે, રોગની પાછળ શોક છે, શોકની પાછળ જ મહામૃત્યુ છે!



# પ્રકાશનું પર્વ

**હૃદય**, તું આનંદમાં મગ્ન છો. તારી આસપાસ દીપકની હારમાળા છે. તારા થાળમાં ઘીથી મહેકતી મીઠાઈઓ છે. ફટાકડા ફૂટી રહ્યા છે. શરણાઈઓમાંથી જીવનમસ્તીનાં ગીતો રેલાઈ રહ્યાં છે. પરમાનંદની વાંસળીના સૂરોથી વાતાવરણ મત્ત છે. તું એ આનંદમાં મગ્ન છો.


પણ આમ જો : આ આનંદની ઘડીએ જ, તારાથી થોડે દૂર, માનવહૃદય રડી રહ્યું છે એ તરફ તારી નજર જાય છે? એની પાસે નથી ભોજનના થાળ કે નથી દીપમાળ; નથી ફટાકડા કે નથી આનંદનો ઉલ્લાસ, માત્ર આંસુઓની ધારથી એનું ભોજનપાત્ર છલકાઈ રહ્યું છે. અકથ્ય વેદનાથી એનો માનવદેહ સળગી રહ્યો છે. વેદનાની ભઠ્ઠીમાં સળગતા એના આત્માને હૂંફાળું આશ્વાસન આપનાર કોઈ જ નથી. રણની એકલતામાં રુદન કરતા એ અસહાય હૃદયને સહાય કરવી એ શું તારો ધર્મ નથી? માનવઆત્માઓએ સર્જેલી વિપત્તિમાંથી આવા દુ:ખી હૃદયને ઉગારવું એ શું તારું કર્તવ્ય નથી?

ઓ હૃદય! તું વિચારી જો. વિશ્વની સર્વશ્રેષ્ઠ ભેટ એટલે માનવહૃદય! માનવહૃદય જ આ નહિ કરે તો કોણ કરશે?

હું તને વિનવું છું:

'દિપકની આ હારમાળા જોઈને પ્રકાશના ભ્રમમાં ન પડતો. બહાર પ્રકાશ છે, પણ અંતરમાં?..... અંતરમાં તિમિરની ઘટા તો નથી ને? જાગ, ઊઠ જાગ; અને તારા અંતરના ઓરડામાં એક કોડિયું પ્રગટાવ. એ નાનકડા કોડિયાના પ્રકાશે દુ:ખથી નંદવાયેલા વ્યથિત હૃદયને શોધી કાઢ.'





# અમૃત કાં સુરા

**આપણા** અંતરના રંગમહેલમાં બે વ્યક્તિઓ શાસન ચલાવી રહી છે: એક છે આત્મા ને બીજું છે મન. બંને પોતાનું પ્રભુત્વ સ્થાપવા યુગયુગથી અવિશ્રાન્ત પ્રયત્ન કરતાં આવ્યાં છે.

આત્મા જેને સર્જે છે તેનું વિસર્જન કરવા મન સતત પ્રયત્નશીલ રહે છે; અને સમય મળતાં એ વિસર્જન કરે પણ છે. જો કે આત્માની પસંદગી સામે મનનો અણગમો હોવા છતાં એ નિભાવી લે છે; કારણ, મન આત્માનું સહભાગી હોવા છતાં, પોતાની નીતિનો અમલ કરવામાં એ કુશળ તેમજ કુનેહબાજ છે.

આત્મા ને મન પોતાના કુટુંબ સાથે એક જ રંગમહેલમાં વસે છે; પણ બંનેના પંથ ન્યારા છે: એકનો પંથ મુક્તિ છે, બીજાનો પંથ બંધન છે.


સુમતિ એ આત્માની પત્ની છે; કુમતિ એ મનની પ્રેયસી છે. જીવનના રંગમહેલમાં સુમતિનું સંગીત ચાલતું હોય છે ત્યારે આત્મા ડોલતો હોય છે, ને એની સુમધુર સૂરાવલિમાં મગ્ન બની સ્વર્ગીય આનંદ અનુભવતો હોય છે. આ દૃશ્ય મનથી જોયું જતું નથી, ઈર્ષાથી એ સળગી

ઊઠે છે. પોતાની પ્રેયસી કુમતિને જગાડીને એ કહે છે: "સખી! મને ચેન નથી. આત્માનો આનંદ જોઈ હું અગનમાં જલી રહ્યો છું. તું તારું વિલાસી સંગીત છેડ, કે જેથી કરીને આત્માના આનંદમાં અગન પ્રગટે."

કુમતિ પોતાના પ્રિયના આદેશથી કંઠમાં ને શરીરમાં માદકતાને મૂકી ઉત્તેજક સૂર છેડે છે. એક જ રંગમહેલમાં બે ગાનારી: બંનેના સૂર જુદા; એક વિકાસપ્રધાન, બીજી વિકારપ્રધાન! સુમતિ નિજાનંદના તાર પર સંયમનું ગીત છેડતી હોય છે, ત્યારે કુમતિ બહિર્ભાવના વિલાસી તાર પર વિકારનું ગીત ઝીંકે છે.

આ રીતે વિરોધી સૂર ને ગીતો સામસામાં અથડાતાં સંગીતના લયની મજા બગડી જાય છે. એમાંથી કર્કશતા-પૂર્ણ કોલાહલનો ઘોર ધ્વનિ પ્રગટે છે. આ અવ્યવસ્થાથી આત્મા ને મન બંને કંટાળી જાય છે. એકને દુ:ખ આપવા જતાં બંનેને દુ:ખ મળે છે. એકેયને સુખ નહિ. આત્મા કંટાળીને દેવસાંનિધ્યમાં જવા પ્રયત્ન કરે છે, ત્યારે મન થાકીને વિલાસગૃહમાં જવા પ્રયત્ન કરે છે. અહીં આત્મા ને મન ખેંચતાણમાં ઊતરે છે.

આ પ્રસંગે જ જીવનનું વિભાજન થાય છે. માણ-સના જીવનમાં મંથનની આ પળ અતિસૂચક છે. આ પળ એવી છે કે જેમાં એમાંથી એકને પસંદગી આપ-વાની હોય છે: વૈરાગ્ય કાં વિલાસ; ત્યાગ કાં ભોગ; અમૃત કાં સુરા! બંનેને એક જ સાથે મેળવવા પ્રયત્ન કરનારનું આવી પળે વિચારમૃત્યુ થાય છે!



# વીતરાગ

**આજ** સૌને છોડી, એકલો બની, તારે દ્વારે આવ્યો; પણ તારું દ્વાર તો બંધ છે હૈયાના દેવ! શું આ જ તારી શોભા? હવે મારે ક્યાં જવું? મુજ અનાથનો આધાર તારું દ્વાર છે, મારા જીવનનો અંતિમ વિસામો તું જ છે; પણ આજે તો તું ય બદલાયો. રંગમહેલમાં આરામથી બેઠો બેઠો તું તો મળવાની પણ હા નથી કહેતો.

ઓ અંતરના આધાર ભગવંત! તારે દ્વારે ન આવું તો કોને દ્વારે જાઉં?

ગભરુ શિશુ માતાની સોડમાં ન સંતાય તો ક્યાં જાય? મા ભલે બાળકને તરછોડે, કારણ કે એને તો બાળક અનેક છે—એને તો એકાદ કદરૂપા બાળક વિના ચાલે, પણ બાળકને જનેતા વિના કેમ ચાલે? મા તો પોતાના કોઈ એક શિશુને ચૂમી કરી માતૃત્વને સંતોષશે; પણ શિશુ માતાને મૂકી કોની પાસે જાય? પોતાના હૈયાની કૂણી લાગણીઓ કાલીકાલી ભાષામાં કોની આગળ વ્યક્ત કરે? એ તો દોડીને માની પાસે જ જવાનું અને સ્નેહાર્દ્ર નયને કહેવાનું:

'મા, ઓ મા! ભલે તું મને તરછોડે, માર મારે, પણ હું તને નહિ છોડું. મારને બહાને પણ તારો હાથ મારાં અંગોને સ્પર્શે છે ને! મને તો એ રીતે પણ વાત્સલ્યનું અમૃત જ મળે છે!'

આ સાંભળી મા હેતથી બચ્ચાને ભેટી પડે છે, બચ્ચીઓથી સ્નાન કરાવે છે; વાત્સલ્યના ચમત્કારથી માતાનું લોહી દૂધમાં ફેરવાઈ જાય છે, અને સ્તનમાંથી દૂધની ધારાઓ વહેવા લાગે છે.... વાત્સલ્યના અમૃતથી છલકાતું માતા અને શિશુનું આ દૃશ્ય કેટલું ભાવમનોહર છે!

ભગવાન! ઓ ભલા ભગવાન! સંસારનું આ પવિત્ર દૃશ્ય શું તારી નજર બહાર છે? આ દૃશ્યનું સંવેદન તેં નથી કર્યું? કે સંવેદન કરવા છતાં સિદ્ધિના રંગમહેલમાં બેસી આંખમીંચામણા કરે છે?

ભલે તું આ દૃશ્યને ભૂલી જા, પણ હું એ કેમ વીસરું? મેં તો એ પાવનકારી વાત્સલ્યભીનું ચિત્ર જોયું છે, ને એ સોહામણા ચિત્રને યાદ કરીને જ તારે દ્વારે બેઠો છું. સંસારના વૈભવના એઠવાડથી કંટાળીને, મમત્વના કીચડમાંથી મહાપ્રયત્ને નીકળીને, વાસનાનાં વસ્ત્રો ઉતારીને, વસ્ત્રોવિહોણો તારે દ્વારે બેઠો છું.

તું શું દ્વાર નહિ ઉઘાડે? તારી શાશ્વત જ્ઞાનજ્યોતની હૂંફ મને નહિ આપે? હું ય જોઉં કે તું મને આમ ને આમ ક્યાં સુધી બેસાડે છે! પણ અનંત આનંદના ઓરડામાં બેઠેલા ઓ પ્રભો! આટલું સાંભળી લેજે: તારી પરીક્ષા કરવાની શકિત કરતાં મારી પ્રતીક્ષા કરવાની શકિત ઘણી વધારે છે. અકિંચન એવા મારી પાસે બીજું તો કંઈજ નથી, પણ અખૂટ ધીરજની મૂડી તો છે જ! શું તારા હૈયાને પીગળાવવા આટલી મૂડી ઓછી પડશે? પણ ભૂલ્યો, અરેરે! તારી પાસે હૈયું જ ક્યાં છે, જે પીગળે!.... તું તો વીતરાગ!



# રંગાયેલા વિચાર

**સવારનો** પહોર હતો. હમણાં જ એ પ્રાર્થના પૂર્ણ કરી બહારના ખંડમાં આવ્યા હતા. બાજુમાં ફોન હતો. ઘંટડી વાગી રહી હતી. એમણે રિસીવર ઉપાડ્યું. સામેથી કોઈ બોલી રહ્યું હતું. બોલનાર ઉશ્કેરાયેલ હતો, ને ક્રોધના તીવ્ર આવેશમાં બોલી રહ્યો હતો. એ ખૂબ તપ્યો. ખૂબ બોલ્યો. ઘાંટા કાઢીને બોલાય એટલું બોલ્યો. અંતે ચિડાઈને એણે પૂછ્યું : “ આટલું કહું છું છતાં સામેથી તમે એક શબ્દ પણ બકતા કેમ નથી ?”

સજ્જને હસીને રિસીવર મૂકતાં કહ્યું: “ભાઈ! આ રોંગ ( Wrong ) નંબર છે!”


જીવનમાં આવું ઘણી વાર બને છે. ઘણા લોકો આપણા વિશે બોલતા હોય છે; કોઈ વળી લખવા પણ બેસી જતા હોય છે. એમના મનમાં આગળ-પાછળ ભરાયેલા વિચારો, આપણા નામે, કલમ દ્વારા અને વાણી દ્વારા સમાજ સમક્ષ મૂકતા હોય છે અને વાતાવરણને ઉશ્કેરાટ ને ગરમીથી ભરી દેતા હોય છે. જીવન-પ્રભાતના મધુર પ્રહરને એ કલુષિત કરવા બેઠા હોય છે. માધુર્યના પ્યાલામાં એ વિષબિન્દુ છાંટવા માગતા હોય છે.

પણ જે શાણો છે, સજ્જન છે, તે આ અનિચ્છનીય પ્રસંગને ચિત્તના અંદરના ખંડમાં પ્રવેશવા નથી દેતો;

સામાની વાતમાં કંઈ સત્યનો અંશ હોય તો સુધારી લે છે, પણ ભળતી જ વાત હોય તો રૉંગ (Wrong) નંબર માની એ વાતને ત્યાં જ પડતી મૂકે છે. શાણપણે ને સૌજન્યે એવી વ્યક્તિને જીવનનું એક દર્શન આપ્યું હોય છે, જેના પ્રતાપે એ સમજી શકે છે કે સામો માણસ પોતાના વિચારો પ્રમાણે, પોતાની માન્યતા પ્રમાણે અને પોતાના બદ્ધ મત પ્રમાણે જ કરતો હોય છે— પોતાનાં વિચાર, માન્યતા અને બદ્ધ મતને જ ચાલુ વાતાવરણ સાથે બુદ્ધિથી જોડી દેતો હોય છે, જેથી સત્યનો ભ્રમ ઊભો થઇ શકે! આવો માણસ પાછો પોતે સ્વતંત્ર વિચારક છે એમ માનતો પણ હોય, છતાં એ બદ્ધ મતની આન્તરગ્રન્થિવાળો હોય છે. એની ગ્રન્થિ એટલી તો ઊંડાણમાં હોય છે કે એ પોતે પણ ત્યાં સુધી પહોંચી શક્યો નથી હોતો. આથી આવો માણસ જેના વિશે કંઈક કહેવા નીકળ્યો હોય છે તેના વિશે સાચું તો કંઈ કહી શકતો જ નથી. માન્યતા અને બદ્ધ મતનો રંગ એની દૃષ્ટિ પર હોવાથી એનું દર્શન ઉજ્જવળ ને સ્પષ્ટ નથી—એ નિષ્પક્ષપાતિ નથી.

રાગદ્વેષનો રંગ અતિસૂક્ષ્મ છે. એ વ્યક્તિના વિચારના મૂળને જ પોતાના રંગથી રંગી દે છે. જેનું મૂળ જ રંગાયેલ હોય તેના ફળફૂલ તથા પાનમાં રંગ આવે તે સહજ છે.

પ્રાજ્ઞ માણસો એટલા માટે જ દુનિયાના માણસોનાં વિચાર, ઉચ્ચાર, આચાર તથા લખાણો પર શ્રદ્ધા મૂકતાં પહેલાં એ વિચાર, ઉચ્ચાર, આચાર તથા લખાણોને રાગદ્વેષવિહોણા વીતરાગનાં અનેકાન્તના પ્રકાશમાં સલક્ષ્ય જોઈ લે છે.



# સુખની ચાવી: સંકલ્પ

**સુખી** થવું કે દુ:ખી થવું એ માણસના હાથની વાત છે કારણ કે એ પોતે જ પોતાના કર્મનો સ્વામી છે. માણસ નબળા વિચારો અને નિર્બળ કાર્યો કરતો રહેશે તો દુ:ખી જ થવાનો, અને સબળ વિચારો અને શ્રેષ્ઠ કાર્યો કરતો રહેશે તો સુખી થવાનો. જીવનસિદ્ધાન્ત એ છે કે માણસ ધારે એટલો જ સુખી કે દુ:ખી બની શકે છે.

આમ તો બધાં જ ઊઘડતાં પ્રભાત સુંદર હોય છે, પણ આજનું પ્રભાત કાંઈક વધુ સુંદર લાગે છે. આજે ઊઘડતા પ્રભાતથી જ અભિનંદનોની આપ-લે શરૂ થઈ ગઈ છે. નર-નારીઓનાં મુખ પર આનંદની સુરખી છાઈ રહી છે. વદન પર સ્મિત રેલાઈ રહ્યું છે. સારા થવાની અને સારું કરવાની ઉદાત્ત ભાવનાથી સર્વનાં હૃદય સભર છે.

આપણે સુખી થવું હોય, પ્રગતિ કરવી હોય તો આજથી જ—આવા શુભ દિનથી જ એની શરૂઆત કાં

ન કરીએ? કારણ કે આવા શુભ સંકલ્પ માટે આજનું વાતાવરણ અને વિચાર ખૂબ જ અનુકૂળ છે. મન પણ શુભેચ્છાના ધબકાર સાથે કહી રહ્યું છે: કાંઈક—હા કાંઈક તો થવું જ જોઈએ.

—તો શું કરીએ? મોટા ને ખોટા સંકલ્પો અને વાતો કરી આજના પ્રભાતને દૂષિત ન કરીએ. સુખની હવાનો એક જ—માત્ર એક જ સંકલ્પ કરીએ. આ સંકલ્પ છે મૈત્રીને જીવનમંત્ર બનાવવાનો.

સામાન્ય છતાં સાત્ત્વિક એક જ વાત: મનથી કે તનથી, શક્ય તેટલું સર્વકોઈનું ભલું કરવું—ભલું કરવા સદા તત્પર રહેવું.



# વિવેચકો

રડું છું, કારણકે ઉષાનાં જેમણે દર્શન પણ કર્યાં નથી તે આજે પ્રકાશનું વિવેચન કરી રહ્યા છે!

## ચરણરજ

દેવ! મારે લાખ અને કરોડ નથી જોઈતા; માત્ર હું તમારા ચરણકમળમાં બેસી શકું તો મારે મન ઘણું છે.

## દયામધુરી

પ્રભો! તારી દયામાધુરી વિના તો આ જીવન પણ શૂન્ય લાગે છે. આવા પ્રેમવિહોણા સૂકા રણ જેવા જીવન કરતાં તો મૃત્યુ મધુર લાગશે!

## આંબો અને થોર



**આંબાને** વાવો તો એને ઊગતાં વાર લાગે; પણ થોરને ઊગતાં કેટલી વાર? એને પાણી કે ખાતરની પણ જરૂર નહિ. એ તો વગર ખાતરે ને વગર પાણીએ વધ્યે જ જાય. સદ્ગુણોનું પણ તેમ જ છે. સદ્ગુણને આવતાં વાર લાગે; પણ દુર્ગુણો તો પ્રત્યેક પળે આપણી આસપાસ આંટા મારતા જ હોય છે; એને આવતાં કેટલી વાર? છતાં, બગીચાની મધ્યમાં સ્થાન મળે છે આંબાને, થોરને નહિ! થોરને તો કિનારે જ તપવાનું. વળી, પથિકોને શાંતિ પણ આમ્રથી જ મળશે, થોરથી નહિ.

## શાન્તિની ચાવી

તમે શું એમ માનો છો કે આળસુ બનીને પડ્યા રહેવાથી તમને શાંતિ મળશે? શાંતિ તો તમારા પુરુષાર્થમાં છે—તમારા શાંત, બુદ્ધિપૂર્વકનાં ઉચિત કાર્યોમાં છે. કર્તવ્ય વિના શાંતિનો જાપ જપનારને તો શાંતિને બદલે અશાન્તિ જ મળે છે.



# ધર્મનો મર્મ

ધર્મ એટલે મૈત્રી—જીવમાત્ર પ્રત્યે પ્રેમ કરો.

ધર્મ એટલે પ્રમોદ—સત્પુરુષોનો સત્કાર કરો.

ધર્મ એટલે કારુણ્ય—દુઃખી અને વિમાર્ગી પ્રત્યે હમદર્દી બતાવો.

ધર્મ એટલે માધ્યસ્થ—હૈયામાં પ્રેમનો દીપક લઈ માર્ગ ભૂલેલાઓને સુધારવાનો પ્રયત્ન કરવા છતાંય ન સુધરે તોય એના પ્રત્યે સમભાવ ધરો.

## ઉપકાર

જેણે આપણને કેળવ્યા, જેણે આપણને દૃષ્ટિ આપી તેના ઉપકારનો બદલો કઈ રીતે વાળી શકશું? હૈયાનો પ્રેમ અને સેવાની સુવાસથી જ ને?

## કર્તવ્ય

સદ્કૃત્યો તમે જાગતાં કર્યાં હોય કે ઊંઘમાં, જાણતાં કર્યાં હોય કે અજાણતાં, તે સફળ થવાનાં જ— અંધારામાં ગોળ ખાધો હોય તો પણ ગળ્યો લાગે તેમ.




# પુષ્પ અને પથ્થર

દુનિયાના અભિપ્રાય પર તમે કયાં સુધી નાચશો? થોડીવાર પહેલાં જ પૂજન કરતી દુનિયા પથ્થર ફેંકવા માંડે તો નવાઈ નહિ. કાર્ય કરતી વખતે દુનિયાને સંભળાવી દો: "તારી નિંદા અને સ્તુતિની મને ધૂળ જેટલીય કિંમત નથી; હું તો મારાં કાર્યોમાં મશગૂલ છું, મારા આત્માના ગીતમાં લીન છું, અને એ ગીતના સૂરે જ કાર્ય કર્યે જાઉં છું."

## કાર્યનો સ્રોત

આપણે કંઈક કામ કરીશું તો લોકો જાતજાતનું બોલશે. થોડા નિંદા-અવહેલના કરશે, તો થોડા સ્તુતિ-પ્રશંસા કરશે; પણ તેમાં આપણે ઊંચાનીચા થવાની શી જરૂર? જે કંઈ કરવાનું છે તે આત્માના ઉલ્લાસ માટે છે, જગતના અભિપ્રાય માટે નહિ.



# ઈર્ષા

**ઇર્ષાળુની** આંખ બીજાને તો બાળતાં બાળશે, પણ તે પહેલાં તો તે પોતે જ બળીને ખાખ થઈ જશે. એ તો ઇચ્છે કે બીજાનું નાશ પામે અને એનું સલામત રહે; પણ તે કદી બનનાર જ નથી. દીવાસળી બીજાને સળગાવતાં પહેલાં પોતે જ સળગી ઊઠે છે એ ભૂલી જવું ન જોઈએ.

## સુખ

હાથમાં ડંડો લઈ, સુખની શોધમાં ભલે તું આખા જગતમાં ફરી વળ; ઠેકાણે ઠેકાણે સુખ મેળવવા બાચકાં ભર; પણ તને એ ક્યાં યે નહિ મળે. પણ જ્યારે તું નિરાશ થઈને પાછો ફરીશ; અને થાકયોપાકયો એકલો પડી આંખમાં શાન્તિનું અંજન આંજીશ ત્યારે તને લાગશે કે, અરે! સુખ તો અહીં જ છે—અહીં, મારા શુદ્ધ ચારિત્ર્યમાં જ.

# ક્ષમા




**તમે** જેમ માનવી છો તેમ તે પણ માનવી છે. તમને હૃદય છે, તમારા હૈયામાં ભાવનાઓ ને લાગણીઓ છે, તો શું સામા માણસની અંદર તે નહિ હોય? તમારાથી જેમ ભૂલ થઈ જાય તેમ સામા માણસથી ભૂલ ન થાય? તમારી જેમ તે પણ શું ક્ષમાની યાચના ન કરી શકે? ભૂલ કર્યા પછી તમને કોઈ દિવસ ક્ષમાની ઝંખના નથી થઈ? તો સામાને તે કેમ નહિ થતી હોય

અમાસની અંધારી રાત્રિમાં પણ તારલા હોઈ શકે; તો પાપી હૃદયમાં થોડો પણ પ્રકાશ કેમ ન સંભવે?

## સાચા કેટલા?

દુનિયામાં ધર્મની છાપ મેળવનારા તો ઘણા; પણ ખરેખરું ધર્મિષ્ઠ જીવન જીવનારા કેટલા? આકાશમાં તારા તો ઘણાય છે, પણ ધ્રુવતારક કેટલા?



# જ્ઞાન

**અનુભવે** અંતરને કહ્યું : 'જ્ઞાન પણ બે જાતનાં હોય છે: એક દીપજ્યોત જેવું અને બીજું રત્નજ્યોત સમું. જીવન કે જગતમાં વિપત્તિ કે પ્રલોભન આવતાં જે જ્ઞાનીનું મન શૂન્ય થઈ જાય છે, મૂંઝાઈને કોકડું વળી બેસી જાય છે તેનું જ્ઞાન દીપકની જ્યોત જેવું છે. ઘરમાં ભલે એનાથી પ્રકાશ પથરાતો હોય, પણ વંટોળિયો આવતાં તે બુઝાઈ જાય છે.

'પણ જે જ્ઞાનીનું મન સંકટમાં સમર્થ બને છે, વિપત્તિમાં અણનમ રહે છે અને પ્રલોભન સામે અડોલ રહે છે તે જ્ઞાનીનું જ્ઞાન રત્નજ્યોત જેવું છે, બળવાન વંટોળિયા વચ્ચે પણ તે પોતાનું કાર્ય કર્યે જ જાય છે.

'આ જ્ઞાન એ જ જીવનશિખર છે; બાકી પુસ્તક વાચીને કે શ્લોકો ગોખીને તો ઘણાય જ્ઞાની બની ફરે છે. આવાઓ બહારથી જ્ઞાની, પણ અંદર નિર્માલ્ય હોય છે.'

# શૂરવીર



**જગતમાં** શૂરવીર કોણ? બેચારને પછાડી મારી નાખે તે નહિ, પણ મનને આવેશના વમળમાં જતું અટકાવે તે જ સાચો શૂરવીર.

## અસંગ

જે કોઈનો નથી તે જ બધાનો બની શકે છે. જગતના મહાપુરુષો કોઈના નથી; તેઓ બધાના જ છે.

## સત્યનિષ્ઠ

જે મનુષ્ય જીવનભર સત્યનિષ્ઠ રહે છે તેને જીવનમાં શી શી સિદ્ધિઓ નથી મળતી? દુષ્ટો પણ એના ઉપર વિશ્વાસ રાખે એ શું ઓછી સિદ્ધિ છે?

## શાન્તિ

જો તમે શાંતિની સમશેર લઈને ફરશો તો તમારો વિજય નક્કી જ છે; તમને કોઈ જ પરાજિત નહિ કરી શકે.



# સંધ્યા ટાણે

**ઓ ચિત્રકાર!** જોનારના દિલને ય રંગ લાગી જાય એવા નાજુક રંગોથી તેં વિશ્વને આલેખ્યું, પણ તારા દિલનું દીવાનખાનું તો શૂન્ય લાગે છે. હા, તારા હૃદયખંડને અલંકૃત કરવા તેં એક કાવ્યમય ચિત્ર ટાંગ્યું હતું ખરું, પણ આજ તો તે ય ઝાંખું થવા આવ્યું છે. આ સંધ્યા નમે તે પહેલાં તારા પ્રાણમાં ઘૂંટાયેલા ભાવોના રંગની એક પીંછી તું એના પર ન ફેરવી શકે? – જેથી અંધારી રજનિમાં પણ, સુવાસિત તેલના દીપકોના પ્રકાશમાં એ ફરી ઝળહળી શકે!

## લય

જે હૃદય પોતાની ચેતનાને વસ્તુ સાથે એકાકાર કરી શકે છે, પ્રાપ્તિની વસ્તુમાં નિષ્ઠાભરી તન્મયતા કેળવી શકે છે, તે આ વિશ્વમાં એવું શું છે જે મેળવી ન શકે?



# માણસ

**માણસ** તેનું નામ, જે પોતાના નિયમો પ્રત્યે વજ્રથી પણ કઠોર રહે અને બીજાની વેદના વખતે ફૂલથી પણ કોમળ બને.

## આશિષ

અંતરની આશિષ તો કોઈ ગજબની હોય છે. પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળી કેવી ગજબની હોય છે! અંધકારના અનંત થરને પણ એ બાળી મૂકે છે ને!

## જીવનરથ

કર્તવ્ય પૂર્ણ કરવાની ઇચ્છા છે, સેવા કરવાની ઝંખના છે, ઉપાડેલાં કાર્યોના અંત સુધી જવાની શ્રદ્ધા છે, તજીને ખાવાની ભાવના છે, અને નિંદા – સ્તુતિ પ્રસંગે કાન બંધ કરી ચાલ્યા જવાની ટેવ છે. આજ સુધી તો આ રીતે જીવનરથ ચાલ્યો જાય છે; અને હવે મુકામ પણ ક્યાં દૂર છે!



# એકરાર

પાપનું પ્રાયશ્ચિત કરનાર, પોતાની ભૂલોનો એકરાર કરનાર દુનિયાના મહાનોમાં મહાન છે; દુનિયાના શક્તિશાળીઓમાં શક્તિશાળી છે. કપટરહિત ભૂલોના એકરારમાં જ જીવનની મહત્તા, શક્તિ ને પવિત્રતા છે.

## પીછેહઠ

પવિત્રતાના પંથે એક ડગલું પણ ભર્યા પછી પીછેહઠ કરવી એ જીવનનું મોટામાં મોટું પાપ છે. જો તમારામાં આગળ ધપવાની શક્તિ ન હોય તો ત્યાં ને ત્યાં જ ઊભા રહો, ને શક્તિ મેળવીને મક્કમતાપૂર્વક આગળ વધો, પણ આગળ જઈને પાછા તો ન જ વળો.

## તારલી

ભલે એ પાપીમાં પાપી હૃદય હશે, તે હૃદયમાં ભલે ગમે તેટલું અંધારું હશે, તો પણ એક એવી નાની તારલી, છૂપી છૂપી પણ, તે હૃદયાકાશમાં ટમટમતી જ હશે, જે એને કોક વાર જરૂર પ્રકાશ આપશે.




# મિથ્યા અભિમાન

**કોઇ એમ** સમજતું હોય કે મારાથી જ દુનિયા ચાલે છે, તો તે ખોટું છે, તે તેનો ભ્રમ છે. દુનિયા તો એમ કહે છે કે, તારી મારે જરાય જરૂર નથી, પણ તારે મારી જરૂર હોય તો અહીં રહે. અહીં સૌ પોતાની શક્તિથી જ જીવે છે; દરેક મનુષ્ય પોતાના જ કર્તવ્ય ઉપર, પોતાના જ બળ ઉપર ને પોતાના જ ભાગ્ય ઉપર ઊભો હોય છે. અમારાથી જ બીજા ટકેલા છે એમ તમે માનતા હો તો તે નર્યું અજ્ઞાન છે, અને મિથ્યા અભિમાન પણ છે.

## ઊંડાણ

વિશ્વની આટલી બધી વાતોને સમાવવા તમારું હૃદય કેટલું ઊંડું હોવું જોઈએ ! જ્યારે તમારા હૃદયનું ઊંડાણ—ગાંભીર્ય માપવા કોઈ શકિતશાળી પણ સમર્થ નહિ બને ત્યારે જ એ હૃદય જગતની કલ્યાણમય વસ્તુઓ જીરવી શકવા સમર્થ બનશે.



# પ્રાણ સીંચો


**તમે** મોટાં મોટાં કાર્યો કરી થાકી ગયા છો, શુષ્ક થઈ ગયા છો તો હવે નાનાં કાર્યોનો પ્રારંભ કરો; જે એની મેળે જ મોટાં બની જાય. પણ શરત એક છે: તમે તમારાં એ કાર્યમાં તમારા પ્રાણ સીંચો; તમારું સ્વાર્પણ કરી દો; પછી જુઓ કે એ નાનાં કાર્ય કેવાં મોટાં થાય છે અને તમારા શુષ્ક જીવનને કેવું સ-રસ અને સુમધુર બનાવે છે!

સ્વાર્પણના નાના બીજમાં જ કાર્યનો વડલો સંતાયેલો છે.

## પ્રેમ

પ્રેમ એટલે સ્વાર્પણ; પ્રેમ એટલે બદલાની અપેક્ષા વિના સાકરની જેમ ઓગળી જવું અને મીઠાશ પ્રસરાવવી. પ્રેમની આવી ધારા જે હૃદયમાં વહ્યા કરતી હોય એ હૃદય કેટલું મધુર હોય! આર્દ્રતા અને પરમ શાન્તિની એ પળો પણ કેટલી મધુર અને પ્રેરણાદાયી હોય!

# શૂષ્ક જીવન



**જેના જીવનમાં** પ્રભુપ્રેમ કે પ્રેમભરી નિષ્ઠા નથી તેનું જીવન શુષ્ક છે, લૂખું છે. એ બહાર ગમે તેટલો હસશે પણ એનો આત્મા તો આક્રંદ જ કરતો હોય છે; એનાં આંસુ લૂછનાર પણ કોઈ નથી હોતું.

## સહાનુભૂતિ

સહાનુભૂતિ વિનાનાં હજારોનાં દાનથી જે ભાવ ન લાવી શકાય તે ભાવ સહૃદય હૈયાની માત્ર સહાનુભૂતિથી આવી જાય છે. મીડાસ સુવર્ણના પુંજથી પણ શાન્તિ ન મેળવી શક્યો ત્યારે એણે પુત્રીની સહાનુભૂતિ માગતાં કહ્યું: Sympathy is greater than gold!

આમ સહાનુભૂતિની આંખથી જ્યારે માણસ હૃદય અને જીવનનો વૈભવ જુએ છે ત્યારે એને એ વૈભવ આગળ સાહાનુભૂતિથી વિહોણો સમ્રાટનો વૈભવ પણ લુખ્ખો અને ઝાંખો લાગે છે.



# આભૂષણ

વાહ! આજે તો આભૂષણ ઘણાં બધાં પહેરીને આવ્યાં છો શું! પણ એ તો દેહનાં આભૂષણ છે, આત્માનાં ક્યાં? આ બાહ્ય આભૂષણને તમે નહિ ઉતારો તો એક દિવસ તમારાં સગાંવહાલાં ભેગાં થઈને ઉતારશે. પણ કદી કોઈ ઉતારી ન શકે એવું આત્માનું આભૂષણ—શિયળ—તો તમારા તન કે મન પર ક્યાંય દેખાતું નથી!

આ બાહ્ય આભૂષણો સાથે પેલા આન્તર આભૂષણને પણ તમે ધારણ કરો, કારણ કે એ જ સાચું આભૂષણ છે.

પોઠિયો ખાંડના કોથળાનો ભાર ઉપાડીને ફરે પણ એને એની મીઠાશ થોડી જ મળવાની છે! તમે માત્ર આ આભૂષણોનો ભાર ઉપાડીને ફરો, પણ મન ખાલી ખાલી હોય તો એથી શાન્તિ થોડી જ મળવાની છે?

## પડઘો

જ્યારે તે એમ બોલે: "હું દુનિયામાં કાંઈ જ નથી." ત્યારે ચારે તરફથી પડઘા સંભળાય છે: "તું જ અમારું સર્વસ્વ છે." પણ જ્યારે તે એમ કહે: "હું કાંઈક છું." ત્યારે સંભળાય છે કે "તું કંઈ જ નથી!"

## શ્રધ્ધા

શ્રદ્ધા એ જીવનનાં ઊંડાણમાંથી વહેતું એક એવું પ્રશાંત છતાં બળવાન ઝરણું છે કે મુશ્કેલીઓની ગમે તેવી કઠિન શિલાઓને પણ તે ભેદી શકે છે!

## સ્વ

દુનિયાને પલટાવવાની આપણામાં શકિત ભલે ન હોય, પણ આપણી જાતને તો આપણે પલટાવી શકીએ ને? આપણે શું આપણા સ્વામી પણ ન બની શકીએ ?

## કાર્યની મગ્નતા

**મારા** કાર્યોમાં હું તલ્લીન બન્યો હોઉં તે વખતે મને મારું જ ભાન નથી હોતું; હું કોણ છું એનો મને ખ્યાલ પણ નથી આવતો. મારી દૃષ્ટિ મારા કાર્યોની આરપાર ઊતરી ગયેલી હોય છે, મારું હૃદય મારાં કાર્યોમાં સૌન્દર્ય પૂરતું હોય છે, મારું મન ઊર્મિઓના ઉછાળા-વિહોણા પ્રશાન્ત ગંભીર સાગર જેવું હોય છે અને તેથી મારું કાર્ય જ મારો આનંદ બની જાય છે.

## 'સ્વ'ની શોધ

હું બીજાના દોષો જોઉં તેના કરતાં મારા જ દોષો જોઉં તો શું ખોટું? બીજાના દોષો જોઈ મલિન થવા કરતાં મારા દોષો જોઈ નિર્મળ કાં ન થાઉં?

## તણખા

નાથ! મારા શબ્દો—જેને કવિઓ કાવ્ય કહી સંબોધે છે—તે શું તારા વિરહની વેદનામાંથી પ્રગટેલ માત્ર તણખા જ નથી?

## તપ

**તપ** એટલે અનેક પ્રકારની સહનશીલતા. સુખડને જેમ જેમ ઘસીએ તેમ તેમ તેમાંથી શીતળતા અને સૌરભ મળે. એવી જ રીતે આપણા દેહને, આપણી જાતને, કોઈ શુભ હેતુ માટે ઘસી નાખીએ અને તેમાંથી જે સૌરભ પ્રસરે એ જ સાચું તપ.

## તપસ્વી

ચારે બાજુ કષાયના અગ્નિની જ્વાળાઓ ભભૂકતી હોય છતાં તેની વચ્ચે પણ આત્માને સતત શીતલ રાખી શકે તે જ ખરો તપસ્વી.

## ધર્મ

ધર્મ કોઈ માત્ર પુસ્તકમાં નથી, પણ હૃદયમાં છે. આપણા જ જીવનમાં એ સમાયેલો છે અને આપણા જ આચરણમાં એ વંચાય છે.

# વિજય

**વિજયના** બે જ માર્ગ છે: કાં શક્તિ કાં ભક્તિ. આ બેમાંથી એકેય જેની પાસે નથી તેનો ત્રીજો માર્ગ છે વિનક્તિ—વિનાશ.

## જીવનનો જાણકાર

**મનુષ્ય** એ કોઈ જંગલમાં ફરનારું રોઝ જેવું પ્રાણી નથી; એ સમાજ વચ્ચે રહેનાર પ્રાણી છે. એ સહકારથી ટકે છે અને સંયોગોને આધીન રહી જીવે છે. બધું જ કંઈ એ પોતાની જ ઇચ્છા પ્રમાણે કરી શકતો નથી. એનેય સંયોગોરૂપી ઘાણીએ જોડાઈ આંટા મારવા પડે છે; અને છતાં આવા ગૂંચવણભર્યા સંયોગોના ચક્કરમાં પણ પોતાની જાતને જે જાળવી શકે અને મન ઉપર કાબૂ રાખી પોતાના ધ્યેય પ્રતિ ગતિ ચાલુ રાખી શકે તે જ જીવનનો જાણકાર.

## વાસના

જ્યાં વાસના છે ત્યાં ભય છે; જ્યાં ભય છે ત્યાં પરતંત્રતા છે. જે માણસને પોતાના મન ઉપર કાબૂ નથી તે માણસ ગમે તેટલી સ્વતંત્રતાની વાતો કરે, છતાં તે પરતંત્ર જ છે. જે મનુષ્ય વાસનાના વમળમાં પોતાના આત્માને ભૂલી ગયો છે તેને સ્વતંત્ર કઈ રીતે કહી શકાય?

### સંકલ્પ

સંકલ્પ એ તો જીવનનો પાયો છે. કોઈ પણ દૃઢ કાર્ય સંકલ્પ સિવાય જીવનમાં ટકી શકતું નથી. સંકલ્પબળ વિના બહુ ઊંચે ચડેલો મનુષ્ય પણ નીચે પડે છે. અને એ પડે છે ત્યારે તેના ચૂરેચૂરા થઈ જાય છે. ઊંચે ચડેલાને ટકાવનાર સંકલ્પ છે. જેમ જેમ ઊંચે જાઓ તેમ તેમ સંકલ્પનું ભાથું સાથે લેતા જજો.

# ધન અને માણસ

**આજ** તો જાણે પૈસો એ જ મનુષ્યનું નૂર બની ગયું છે. માણસના હાથમાંથી પૈસો જાય એટલે માણસના મુખનું નૂર અને રોશની પણ જતાં રહે છે. આહ! માણસ ધનનો સ્વામી ગણાતો તેને બદલે ધન માણસના સ્વામીપદે સ્થપાયું !

## પૈસો

પૈસો એ એવી જાદુઈ ગોળી બની બેઠો છે કે ભલભલાઓની બુદ્ધિને એ વીંધી નાખે છે. પણ એ ભૂલવું જોઈએ નહિ કે પૈસાનાં પ્રલોભનો સામે અડગ રહેનારને તો કાળ પણ નમન કરે છે.

## પૈસાનો ઉપયોગ

પૈસો સંસાર ચલાવી પણ શકે અને જલાવી પણ શકે. પૈસો તો અંગારા જેવો છે. તેની સાથે સીધીસાદી રીતે રહેશો તો તે સંસાર ચલાવવામાં સહાયરૂપ થશે. અડપલાં કરશો તો જલાવશે.

# લાયકાત

**આપણામાં** જો યોગ્યતા હોય તો કોઈ વસ્તુની ઇચ્છા પણ કરવી પડતી નથી; આપોઆપ આપણી પાસે દોડી આવે છે. સરોવરમાં પાણી આવે છે ત્યારે માછલાં કેવાં ઊભરાઈ જાય છે!

## માનવછાયા

વસંતઋતુ સાથે જ જેમ મંજરી અને કોયલનો ટહુકો આવે છે તેમ પૈસાની સાથે જ પાપ ને પતન આવે છે કારણ કે, પાપ એ પૈસાનો પડછાયો છે. પૈસો આવ્યો એટલે એનો પડછાયો એક યા બીજી રીતે આવવાનો જ. તેમ છતાં કોઈ પણ વસ્તુ છાયામાં જાય છે ત્યારે તેનો પડછાયો અદૃશ્ય થઈ જાય છે, તેમ લક્ષ્મી પણ માનવધર્મની છાયામાં જાય તો એ પોતાના પડછાયાને જરૂર અદૃશ્ય કરી શકે!

# વિપત્તિ

**જિંદગીમાં** અણધારી આવેલી નિરાશાઓ અને મેઘઘટાની જેમ તૂટી પડેલી વિપત્તિઓ કોકવાર જીવનનું અજબ પરિવર્તન કરી નાખે છે. ખોટી આશાઓ જ્યારે લુપ્ત થાય છે ત્યારે જીવનમાં ક્રાંતિ જન્મે છે. આ ક્રાંતિકાળના મંથનમાંથી માનવને કોઈકવાર એવો માર્ગ મળી આવે છે કે જે હજારો ગ્રંથોના વાચને પણ નથી મળતો.

## પુરુષાર્થ

તમારી મુશ્કેલીઓ વચ્ચે, તમારી વિપત્તિઓ વચ્ચે તમે 'અરેરે' કહીને બેસી જશો એટલે શું તે બધી આપત્તિઓ ટળી જશે? આવા વખતે તમારી દીનતાને છોડી પુરુષાર્થ અજમાવો. પવન તો વીંઝણામાં છે જ, પણ તેને વીંઝયા વિના તે કેમ મળે?

## સ્વપ્ન

**એવું** પ્રભાત જોવા મન સ્વપ્ન સેવે જેમાં માણસ દેહ માટે નહિ, પણ દિલ માટે જીવતો હોય; ધન માટે નહિ, પણ ધર્મ માટે ઉપાર્જન કરતો હોય; પશુતા માટે નહિ, પણ પ્રેમ માટે સંબન્ધ બાંધતો હોય; જીવનનિર્વાહ માટે નહિ, પણ નિર્વાણ માટે પ્રત્યેક પ્રવૃત્તિ કરતો હોય.

## બહુરૂપી


શું કરવું? બહુરૂપીઓનો ત્રાસ વધી ગયો છે. આત્માની પ્રેમસૌરભને ગુંગળાવવા આજે જડતા સંયમને નામે અને વિલાસ કલાના વેશે આવી રહ્યાં છે.

## પ્રજ્ઞાચક્ષુ

એ અંધ હતા. યાત્રાએ જઈ રહ્યા હતા. મેં પૂછ્યું: "ભગવાનને તો તમે જોઈ શકવાના નથી, પછી યાત્રાએ જઈને શું કરશો?"

એમણે એટલી જ નમ્રતાથી કહ્યું: "હું ભગવાનને નહિ જોઈ શકું પણ ભગવાન તો મને જોશે ને? પ્રભુની પ્રકાશપૂત દૃષ્ટિ મને અવશ્ય પાવન કરશે."

ત્યારે મને લાગ્યું: આનું નામ પ્રજ્ઞાચક્ષુ.



# પ્રેમ સંવેદન

**પ્રેમીનું** હૃદય આરસી જેવું હોય છે; પ્રિયજનનું પ્રતિબિંબ ઝીલ્યા વિના એ રહી શકે જ નહિ. બિમ્બની આંખમાં આંસુ વહે તો પ્રતિબિમ્બમાં પણ વહેવું જ જોઈએ; અને હાસ્ય સ્ફૂરે તો એનો ઉત્તર પણ આરસીમાં મળવો જ રહ્યો.

પ્રેમ એટલે ઉરતંત્રની પરમ ઐકયતા.

## પ્રેમરસ

શુદ્ધ પ્રેમ શેરડીના સાંઠા જેવો હોય છે. પ્રારંભમાં એનો ઉપરનો ભાગ જરા ફિક્કો લાગે પણ જેમજેમ ચૈતન્યના મૂળ તરફ આગળ વધો તેમતેમ રસની મધુરતા વધવા સાથે તેનો સ્વાદ અવર્ણનીય બનતો જાય છે!

## પ્રેમપ્રકાશ

વીજળીના ગોળામાં વીજળીનો તાર કેવો ફિકકો અને શ્યામ લાગે છે, પણ એમાંથી વિદ્યુત પસાર થતાં એ જ તાર સુવર્ણરેખાની જેમ ઝળહળી ઊઠે છે! પહેલાં જે પોતે જ પ્રકાશહીન હતો તે પ્રકાશવંત બની સૌને પ્રકાશિત કરે છે.

આમ પ્રેમપ્રકાશનો સ્પર્શ થતાં સામાન્ય માનવી પણ અસામાન્ય બની પ્રકાશી ઊઠે છે.

# જીવનકવિતા



**સમજીએ** તો જીવન જ એક કવિતા છે. અપદ્યાગદ્ય નહિ, પણ પદ્યબદ્ધ કવિતા છે. એમાં છંદ છે, માત્રા છે, પ્રાસ છે અને ભાવોનું સંવાદમય સંગીત પણ છે.

આ જીવન-કવિતા સ્વનિયંત્રિત સંયમના છંદથી બદ્ધ છે. વળી, વિચારમાધુર્યથી જન્મેલા લયયુક્ત લાલિત્યથી પરિપૂર્ણ છે.


એમાં મન, વચન અને કાયાના સંવાદમય સંગીતની સૂરીલતા છે, તેમ અનેક ઉદાત્ત ભાવોનો આરોહ-અવરોહ પણ છે; સ્નેહનો પ્રાસ છે અને મૈત્રીની માત્રા પણ છે.

સાધકો પોતાના જીવનને જ એક શ્રેષ્ઠ કવિતા બનાવી ગયા છે, જેને માણસ હર્ષ અને વિષાદની શાન્ત અને ઘેરી પળોમાં ગળામાં ઘૂંટી ઘૂંટીને ગાય છે.

## નિર્લેપતા

કમળને મેં પૂછ્યું: "તારા જીવનનું રહસ્ય શું?"

કીચડમાં જન્મવા છતાં સ્વચ્છ સૌન્દર્યથી હસી રહેલા કમળે કહ્યું: "નિર્લેપતા"



# ધન્યપળ


**મન**, વચન અને કાયાનું સંવાદમય સંમિલન એટલે યોગ, એમ ક્યાંક વાંચેલું. પણ આજ તો આ યોગ સહજ બની ગયો. જાગૃતિની શાન્તપળમાં ધ્યાન લાગી ગયું. ઊર્ધ્વગામી બનેલી ચેતના પરમ તત્ત્વને સ્પર્શી એકતાનતા અનુભવી રહી. તોફાનો સમી ગયાં. મૌન મધુરતામાં પરિણમ્યું. વૃત્તિઓ શાન્ત બની. અગાધ ઊંડાણમાંથી અનાહતનો અશબ્દ નાદ ગુંજી રહ્યો. અહંકાર અને અંધકારના સ્થાને આનંદ અને ઉજાસનો આહ્લાદ સ્પર્શી ગયો.

મિત્ર, યોગની આ પરમ ધન્ય અનુભૂતિ વર્ણવી શકાતી નથી. વર્ણન નહિ, અનુભવ-સાકરનો કઠણ ગાંગડો દૂધમાં ઓગળી જતાં જે મધુર એકતા પ્રગટે છે તે....

## મનન

મનને વશ કરવું હોય તો એને મનનું જ કામ આપો. ચિન્તનથી ઊંડાણને પામવા દો, મનને એનાં ઊંડાણમાં રહેલાં તત્ત્વોનું વલોણું કરવા દો, અને જુઓ; એ પોતામાં જ પોતે કેવું સ્થિર બની જામી જાય છે!

# આત્મતેજ



**સિંહનો** સિંહ, રાજાઓનો રાજા, બાદશાહોનો બાદશાહ—એવો આપણો આત્મા છે. એવો આત્મા માત્ર પૈસો અને વૈભવ મેળવવા પાછળ કંગાલ બની જાય તો તેના જેવી બીજી હીનતા કઈ?

## સ્થૂલ નહિ, સૂક્ષ્મ

મંદિરમાં દેવ છે તો જ લોકો દર્શને આવે છે. પૂજારી! મંદિરને શણગારવામાં દેવને ન ભૂલતો!

## દોષદૃષ્ટિ

ચાંદા શોધવાનું કામ તો કાગડો પણ કુશળતાથી કરે છે, માણસ પણ એ જ કામ કરશે તો પછી દુનિયામાં કાગડા કોને કહીશું!

## પવિત્રતાનો પ્રભાવ

કાગડા તો રોજ ઊઠીને શાપ દેતા હોય છે કે બધી ધોળી વસ્તુઓ બળીને કાળા કોલસા થઈ જાઓ; પણ એ શાપ એટલો કાળો છે કે ધોળી વસ્તુઓ પાસે જતાં પણ શરમાય છે!



# ભણતર ને ચણતર

**પ્રશ્ન** પૂછયો: "શા માટે ભણો છો?" અનુભવે પરિપક્વ થયેલા વૃદ્ધ શિક્ષકના આ પ્રશ્ન પર વિદ્યાર્થીઓ ત્યારે હસી પડયા: રે, કેવો વિચિત્ર પ્રશ્ન! શા માટે ભણો છો? ભણીએ નહિ તો કરીએ શું? એટલે ભણીએ છીએ.

પણ આજ લાગે છે કે એ પ્રશ્ન નાનો હતો પણ ઘણો ગહન અને મહત્ત્વનો હતો. ભણતર અને ચણતર બંને મહત્ત્વનાં જીવનઅંગ છે. ભણતરથી જેમ મનને વિશ્રામ મળે છે તેમ ચણતરથી તનને.

ચણતર જેમ પલટાતી ઋતુઓમાં તનને રક્ષણ આપે છે તેમ ભણતર સુખદુ:ખથી પલટાતી જીવન-ઋતુઓમાં મનને રક્ષણ આપે છે.

સાચી વાત છે: સાચું ભણતર જ તે છે જે માણસને સ્થિતપ્રજ્ઞ અને સ્થિરપ્રજ્ઞ બનાવે.

## પરિપક્વ

અનેક પ્રલોભનો વચ્ચે પણ તમારી ઇન્દ્રિયો શાંત રહે, એ તરફ પ્રલોભાય નહિ તો જાણજો કે તમારું જ્ઞાન પરિપક્વ છે.

# પ્રેમ



**તારથી** મોકલાતો સંદેશો હજારો માઇલ દૂર રહેલ વ્યકિતને પણ મળે છે, તો પ્રેમીહૃદયનો શુદ્ધ વિચાર દૂર રહેલા પોતાના સ્નેહીને કેમ ન પહોંચે? તાર જડ છે છતાં એમાં આ શક્તિ છે, તો હૃદય તો ચૈતન્યના જીવંત ધબકારથી ધબકતું જીવન છે. એનો વેગવંત સંદેશો તો સૌથી પહેલો પહોંચે.

## પરમ પ્રેમ

પંથ અને સંપ્રદાયની વાતો તો ખૂબ કરી; હવે આત્માને પરમાત્મા સાથે જોડતા પરમ પ્રેમની વાત કરો તો સારું; ખોખાં તો ઘણાંય જોયાં, હવે વસ્તુનું દર્શન થાય તો સારું.

## જ્ઞાન

અનુભવના આનંદ વિના માત્ર જ્ઞાનનો ભાર ઉપાડનાર જ જો જ્ઞાની કહેવાતો હોત તો પુસ્તકોથી ભરેલો કપાટ પણ જ્ઞાનીમાં ખપી જાત!



# ભૂલ અને આંસુ

**ભૂલ** તો થઈ જાય, પણ થયેલી ભૂલને ભૂલ રૂપે સમજી, એને ધોવા માટે જે આંખ આંસુ વહાવે છે તે જ અંતે આનંદનાં અંજન પામે છે. પણ ભૂલ કરવા છતાંય જે આંખ આનંદથી હસે છે તે તો છેવટે આંસુનાં જ અંજન પામે ને?

## શુદ્ધિ અને સિદ્ધિ

જીવનની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ શબ્દોથી નહિ, પણ સાધના અને શુદ્ધિથી જ પામી શકાય છે. સુવર્ણ જેવા સુવર્ણને પણ શુદ્ધ થવા માટે તેજાબમાંથી પસાર થવાની કઠિન સાધના કરવી પડે છે.

## પ્રાયશ્ચિત

જીવનને પવિત્ર કરવાની જેને આકાંક્ષા હોય, ચારિત્ર્યને કાંચન જેવું ઉજ્જવળ કરવાનો જેને તલસાટ હોય, હૃદયને સ્ફટિક જેવું પારદર્શક બનાવવાની જેને ઉત્કંઠા હોય તે જ માણસ પોતાની મલિનતાને ધોવા પ્રાયશ્ચિતની ધારાઓ વહાવે છે. એને મન પ્રાયશ્ચિતનાં આંસુ એ જીવનના મળને ધોનાર પવિત્ર ગંગાજળ છે.

પૂ૦ મુનિશ્રી 'ચિત્રભાનુ'ના

## અપૂર્વ ગ્રંથો

૧. **સૌરભ** [સુંદર ને સચિત્ર છઠ્ઠી આવૃત્તિ] ૨-૦૦

જીવનના બાગમાં નવીન વિચારણાની બહાર લાવે તેવા એમના રસભરપૂર ગદ્ય-મૌક્તિકોનો સંગ્રહ. સારા પ્રસંગોએ ભેટ માટે સર્વોત્તમ.

૨. **હવે તો જાગો** [પાંચમી આવૃત્તિ] ૨-૦૦

આ પ્રવચનોમાં જીવનના પ્રત્યેક વર્તમાન પ્રવાહનું સુરેખ વિશ્લેષણ છે. ધર્મ અને સમાજની સમસ્યાનાં ઘણાં મર્મોને એ વીંધે છે.

૩. **જીવનમાંગલ્ય** [છઠ્ઠી આવૃત્તિ] ૧-૫૦

જીવન અને શિક્ષણના ઉચ્ચતમ સંસ્કાર જગાવતાં પ્રવચનો.

૪. **ચાર સાધન** [નવું સંસ્કરણ ત્રીજી આવૃત્તિ] ૧-૫૦

જ્ઞાન—ધ્યાન—તપ—વચન—આ ચાર વિષયો પર પ્રકાશ પાથરતાં પ્રવચનો.

૫. **ધર્મરત્નનાં અજવાળાં** ૩-૫૦

દૈનિક જીવનના પ્રત્યેક પ્રસંગ પર અને વ્યવહારમાં ધર્મ કેમ પાળવો એનું સ્પષ્ટ માર્ગદર્શન આપતાં પ્રવચનો.

૬. **ભવનું ભાતું** [ચોથી આવૃત્તિ] ૧-૨૫

જીવનને ઊર્ધ્વગામી બનાવે તેવી સુંદર બોધપ્રદ વાર્તાઓ.

૭. **કથા-દીપ** ૧-૨૫

જૂનું વાર્તાસુવર્ણ નવા અલંકારમાં. ખીલતા શૈશવને પ્રેરણા આપે એવી રોચક વાર્તાઓ.

૮. **બિંદુમાં સિંધુ** [પાંચમી આવૃત્તિ] ૦-૬૫

સાદી આંખે સામાન્ય લાગતી મહાન પુરુષોનાં જીવનની નાની ઘટનાઓમાં રહેલાં જીવનક્રાંતિનાં બીજનું તેજસ્વી આલેખન.

૯. **બંધન અને મુક્તિ** ૦-૪૦

સાબરમતીની જેલના બારસો કેદીઓને આપેલ પ્રેરણાદાયી પ્રવચન.

૧૦ **પ્રેરણાની પરબ** ૦-૫૦

પ્રતિ પ્રભાતે પ્રેરક એવાં સુવિચારનો સંગ્રહ.